ચિત્રાંગદા

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર પ્રણીત.

ભાષાન્તર કર્તા

મહાદેવ હરિભાઈ દેસાઈ

તથા

નરહરિ દ્વારકાદાસ પરીખ.

ચિત્રાંગદા

મૂળ બંગાળીમાં

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

પ્રણીત.

ગુજરાતીમા ભાષાન્તર કરનાર તથા પ્રકાશક

મહાદેવ હરિભાઈ દેસાઈ,
બી. એ., એલ એલ. બી.

નરહરિ દ્વારકાદાસ પરીખ,
બી. એ., એલ એલ. બી.

પ્રથમાવૃત્તિ. પ્રત ૭૫૦.

અમદાવાદ.

સને ૧૯૧૫

મૂલ્ય આઠ આના.

Printed by T P Thakor at the Praja Bandhu Printing Works, Khadia Jethabhai's Pole, Ahmedabad and Published by Mahadev Haribhai Desai, Devji Sunaiya's Pole, Sankdi Sheri, Ahmedabad and Narhari Dwarkadas Parikh, Nagar Bhagat's Pole, Raipur, Ahmedabad

પ્રસ્તાવના.

બંગીય સાક્ષરરત્ન બાબુ રવીન્દ્રનાથ ઠાકુર (ટાગોર) ની રસપૂર્ણ કૃતિ-'ચિત્રાંગદા' નો ક્ષુદ્ર ભાષાન્તરદ્વારા પરિચય આપવાનો આ પ્રયત્ન છે. કોઇ પણ ઉત્કૃષ્ટ મૂળ કૃતિનુ આંતર તેમજ બાહ્ય સૌંદર્ય તેના ભાષાન્તરમાં સંપૂર્ણ રીતે ઉતારવુ લગભગ અશક્ય છે; આ ભાષાન્તરમા પણ અનેક ન્યૂનતાઓ જણાશે. પણ ગેટે કહે છે તેમ, ભાષાન્તરકારોનુ પરિમિત કાર્ય કોઇ અર્ધાવગુંઠિત ગૌરીના રૂપગુણનુ ગાન કરી તે ગૌરી માટે અનિવાર્ય સ્પૃહા જાગ્રત્ કરવાનુ છે-"by singing the praise of some half-veiled beauty to arouse an irresistible longing for the original". આ ભાષાન્તરથી, પણ, તે પ્રમાણે મૂળ જોવાની અનિવાર્ય ઉત્કંઠા ઉત્પન્ન કરવાનુ પરિમિત કાર્ય સધાશે તો તેટલામા તેનુ સાફલ્ય છે.

કવિએ પોતે કરેલુ 'ચિત્રાંગદા' નુ અંગ્રેજી ભાષાન્તર મૂળથી બહુધા સ્વતંત્ર છતાં, મૂળના આત્માવાળી પણ ભિન્ન દેહવાળી એક સુંદર નવીન સૃષ્ટિ છે. આ અંગ્રેજી ભાષાન્તરમાનાં

કોઇક વાકયો મૂળ બંગાળી વાકયોને બદલે વિશેષ સુંદર અથવા ભાવવાહી લાગ્યા તે લીધા છે, આ બંગાળી વાકયોનું ભાષાન્તર પણ પુસ્તકને અંતે પરિશિષ્ટ અ માં આપ્યું છે. રવીન્દ્રનાથે પોતાના પુસ્તકોમાં સંસ્કૃત શબ્દોનો પ્રયોગ ઓછો કરી બોલાતી બંગાળી ભાષા વાપરવાનું સોળ સત્તરેક વર્ષ થયાં શરૂ કર્યું છે. તે પહેલાંની તેમની કૃતિઓ–'ચિત્રાંગદા' સુદ્ધાં–સંસ્કૃત શબ્દોથી ભરપૂર છે. ભાષાન્તરમાં પણ, આથી, સંસ્કૃત શબ્દો વિશેષ અંશે વપરાયલા જણાશે. છેક સામાન્ય વાચકને કઠણ લાગે તેવા કેટલાક શબ્દોના અર્થ પરિશિષ્ટ બ માં આપ્યા છે.

આ પુસ્તકનું ભાષાન્તર કરવાની પરવાનગી આપી બાબુ રવીન્દ્રનાથે અમને બહુ ઉપકૃત કીધા છે; પુસ્તક છપાવવામાં શેઠ માણેકલાલ મણિલાલ રણછોડદાસે બહુ ઉદારભાવથી મદદ આપી છે, અને બાબુ સત્યવ્રત મુકરજી, બી. એ. (ઑકસફર્ડ), એમણે એક બે ઠેકાણે ભાષાન્તર કરવામાં અમૂલ્ય સૂચના આપી છે; તે માટે તે સદ્‌ગૃહસ્થોનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

તા ૮–૧૨–૧૫

ભાષાન્તરકર્તા

ઉપોદ્ઘાત.

પશ્ચિમના આપણે અનેક રીતે આભારી છીએ. બાબુ રવીન્દ્રનાથ ઠાકુર સમસ્ત દેશના ભૂષણ છે એમ આપણે પશ્ચિમ પાસેથીજ શીખ્યા. સને ૧૯૧૧ મા બંગાળાના આબાલવૃદ્ધ સૌએ રવીન્દ્રનાથની પચાસમી જન્મતિથિ ઉજવી, તેમણે બજાવેલી અસાધારણ સાહિત્ય સેવા અને દેશસેવા માટે પોતાની ઉપકારબુદ્ધિ અસાધારણરૂપે પ્રકટ કરી હતી. પરન્તુ બંગાળા બહાર તેની કાંઇ અસર થઇ નહિ. આપણે સૌએ તો રવીન્દ્રનાથને સને ૧૯૧૩ મા ‘નોબેલ પ્રાઇઝ’ મળ્યુ ત્યારેજ જાણ્યુ કે બંગાળી કવિ રવીન્દ્રનાથ હિન્દના આધુનિક કવિઓમા ઉત્તમોત્તમ છે, એટલુજ નહિ પરન્તુ જગતના કવિઓમા પણ તેમને ઉંચુ સ્થાન મળ્યુ છે. બાબુ બંકિમચન્દ્ર અને બીજા એકાદ બે બંગાળી લેખકોની કૃતિના ગુજરાતીમા ભાષાન્તર થયા છે, પરન્તુ રવીન્દ્રનાથની કોઇપણ કૃતિની—એકાદ કાવ્ય સ્વ. હરિલાલ ધ્રુવ સંપાદિત ‘ચંદ્ર’ માસિકમા ઘણા વર્ષો ઉપર પ્રકટ થયુ હતુ તે ઉપરાંત બીજા કોઇપણ લેખની—આપણને પિછાન નહોતી.

અનેક વર્ષો થયાં પોતાના અનુપમ વૈચિત્ર્ય-વાળા સાક્ષરજીવનથી બંગાળાને ચકિત કરનાર સમર્થ કવિ અને ગદ્ય લેખક બાબુ રવીન્દ્રનાથ ઠાકુર, સાહિત્ય, કલા, ધર્મ અને તત્ત્વજ્ઞાનના ક્ષેત્રોમા અસાધારણ પ્રભાવ દાખવી બંગાળામાં–અમુક અંશે આખા હિંદમા–વિખ્યાત થયેલા ઠાકુર (ટાગોર) કુળના છે. સ્કૂલ કૉલેજની કેળવણીથી જે કાંઇ નિર્જીવ સસ્કાર પ્રાપ્ત થાય છે તે રવીન્દ્રનાથે પ્રાપ્ત કર્યો નથી; પરતુ જગત્‌મા જે કાંઇ ઉત્કૃષ્ટ લખાયુ છે કે વિચારાયુ છે તેમાં બુદ્ધિને સપૂર્ણ અવગાહન કરાવ્યાથી જે ઉચ્ચ સસ્કાર પ્રાપ્ત કરાય તે તેમણે બહુ અંશે પ્રાપ્ત કર્યો છે; પોતાના દેશના પ્રાચીન સાહિત્યવૃક્ષના રસનુ યથેષ્ટ સેવન કર્યુ છે, અને સ્વતંત્ર અભ્યાસ ઉપરાત, મનન, અને સદા પ્રકૃતિ માતાને ખોળે રમી તેની લીલાના કરેલા સૂક્ષ્મ અવલોકનના પરિણામે અપૂર્વ ચમત્કૃતિ-ભરી કૃતિથી પોતાના સાહિત્યને એમણે સમૃદ્ધ કીધુ છે. બંગાળી સાહિત્યનો કોઇપણ વિભાગ–કાવ્ય, નાટક નવલકથા, ટૂકી વાર્તા કે પ્રબંધ–એવો નથી કે જેને એમણે પોતાની તેજસ્વી પ્રતિભાથી દીપાવ્યો નહોય, ધન્ય કર્યો નહોય. એમનુ લખાણ માત્ર, નર્યુ ચેતનભર્યું, વૈચિત્ર્ય ગતિ અને વૈવિધ્ય ભર્યુ છે એમના ગદ્ય લેખો–સાહિત્ય, સમાજ,

ધર્મ, અને રાષ્ટ્ર વિષયક પ્રબંધો–અપૂર્વ પ્રભાવ-ભરી અને સામર્થ્યવાળી प्रसन्नगंभीरपदा શૈલીમા લખાયલા હોઇ, પ્રૌઢ વિચાર અને ગભીર ચિતનના ઉત્કૃષ્ટ નમૂના છે. માનવ હૃદયના ગૂઢ ભાવો અને ભાવમન્થનોનુ અતિ સરળ અને સુશ્લિષ્ટ ભાષામા સૂક્ષ્મ પૃથક્કરણ કરતી એમની નવલકથાઓ કેવળ કલાકૃતિઓ નહિ પરતુ મનુષ્યનુ આધ્યાત્મિક જીવન ઉચ્ચ કરનારી કલાકૃતિઓ છે. એમની ટૂકી વાર્તાઓ એમની અપૂર્વ કલાથી અકિત છતા, પાસા પાડેલા હીરા જેવી નહિ પણ અતિ ઉજ્જ્વલ સુદર મોતી જેવી છે. જે તત્ત્વોને રવીન્દ્રનાથ કાવ્યમાં રસના પોષક માને છે તે તત્ત્વો,–યોગ્ય છન્દ અને ભાષા, વિન્યાસ નૈપુણ્ય, જ્ઞાનાશ્રય, અને ભાવાશ્રય–વાળા એમના સગીતપૂર્ણ અને શબ્દાર્થપરિમલગહન કાવ્યો ઘણા કાળ થયા બંગાળીઓના કર્ણ અને કલાબોધ (artistic sense) ને, બુદ્ધિને, અને હૃદયને તૃપ્ત કરે છે અને કરશે. એ કાવ્યો એકદેશીય મટી વિશ્વ સાહિત્યમા સ્થાન લેછે તેનુ કારણ, સા. શ્રી નરસિહરાવના એક અર્થઘન વાક્યથી કહીએ તો, એ છે કે તેમા " પ્રકૃતિના અને જીવનના સ્વરૂપ તથા પ્રવૃત્તિયોમા મોલ્લાસ સજીવ રમ

લેનારી વૃત્તિ”નો પ્રવાહ અસ્ખલિત વહી રહ્યો છે. રવીન્દ્રનાથના 'કાવ્ય-ગ્રન્થ-પાઠની ભૂમિકા' લખનાર એમના પરમભક્ત બાબુ અજિત કુમાર ચક્રવર્તી કહે છે કે, પ્રકૃતિની પ્રતિ 'અતિ નિબિડ-અતિ ગભીર પ્રેમ', પ્રકૃતિની સાથે આત્મીયતાનો અનુભવ-જેને કવિ સર્વાનુભૂતિ કહે છે-એજ કવિના જીવનનો તેમજ કાવ્યોનો પ્રધાન સૂર છે, કાવ્યોમા બીજા જે સૂર ઉઠયા છે તે આ મૂળ સૂરને આધીન છે; “સમસ્ત વૈચિત્ર્ય-સૌન્દર્ય, પ્રેમ, સ્વદેશાનુરાગ, સમસ્ત સુખદુ:ખ, વેદના-તે એ મૂળ અરદ્વારાજ બૃહત્ અને વિશ્વવ્યાપી પ્રસાર પ્રાપ્ત થયો છે.”

રવીન્દ્રનાથનુ જગત્ના કવિઓમાં કયા સ્થાન છે તે નિર્ણય કરવાનો આ પ્રસગ નથી. છતા, એટલુ કહેવુ અયોગ્ય નહિ ગણાય કે 'નોબેલ પ્રાઇઝ' થી એમનુ મહત્ત્વ માપવુ ઠીક નથી સાહિત્ય માટેનુ 'નોબલ પ્રાઇઝ' કાંઈ કવિની ઉત્તમતાનુ સર્ટિફિકેટ નથી, કે નથી તેથી કાઇ એમ સિદ્ધ થતુ કે તે પ્રાપ્ત કરનાર જગતના કે તેના દેશના વર્તમાન કવિઓમા શ્રેષ્ઠ છે કિપ્લીગને એ ઇનામ મળ્યુ હતુ, છતા સૌ જાણે છે કે કિપ્લીગને કોઇ, જગત્ના કે ઇંગ્લંડના ઉત્તમોત્તમ કવિ કે લેખક તરીકે સ્વીકારતુ નથી. વસ્તુત યુરોપીય વાઙ્મય

જગતમા મોટો સક્ષોભ ઉપજાવે એવુ કાઇ જે લખે તેને તે વર્ષમા એ ઇનામ મળે છે; 'ગીતાજલિ' એ સને ૧૯૧૩ મા તે જગતમા મહા સક્ષોભ ઉત્પન્ન કર્યો, યુરોપની આગળ વિચાર અને કલ્પનાનુ નવુ ક્ષેત્ર પ્રકટ કર્યું. ભોગની સાથે ત્યાગનો બોધ કરનારા, અને 'અસખ્ય બધનોમા મહા આનન્દમય મુક્તિ પ્રાપ્ય છે' એવુ સત્ય પ્રકટ કરનારા 'ગીતાજલિ'ના ગીતો યુરોપીય લોકોને રુચ્યાં અને તે માટે જ તેમને 'નોબેલ પ્રાઇઝ' મળ્યુ. બાકી 'ગીતાજલિ' સિવાય કવિની બીજી અનેક સુદર કૃતિઓની 'નોબેલ પ્રાઇઝ' આપનારાઓને ખબરે નહતી. આ ઉપરથી સમજાશે કે 'નોબેલ પ્રાઇઝ' રવીન્દ્રનાથને મળ્યુ તે ઉપરથી તે શેકસ્પીઅર જેવા છે કે અન્ય કવિઓની કીર્તિ ઝાંખી કરે તેવા છે એમ કહેવુ ભૂલ ભરેલુ છે.

ખરૂ જોતા તો કવિની કીર્તિ અચળ રાખનારા 'ગીતાંજલિ' સિવાય બીજા અનેક કાવ્યો છે. શિક્ષિત તેમજ અશિક્ષિત વર્ગ બનેને મ્હોડે બગાળાના આ ખુણેથી તે પેલે ખુણે, વિદ્યાપતિ, ચણ્ડીદાસ અને રામદાસ પછી, એમનાજ ગીતો ગવાય છે. એમના દેશભક્તિના ગાનોને લીધે બગાળામા એકરાષ્ટ્રીયતાની

ભાવના જેવી જાગ્રત્ થઇ તેવી કોઇનાં ગીતોથી થઇ નહિ હશે. બાબુ વિપિનચંદ્ર પાલ કહે છે "એમનાં દેશગીતોથી રવીન્દ્રનાથ સમસ્ત બંગાળના કવિ અને પ્રીતિપાત્ર થઇ પડ્યા; અને બંગાળ પ્રાંતના છેક ખૂણા ખોચરા સુધી તે ગીતો પહોંચી ગયાં, ઝનાનામાંની સ્ત્રીઓએ તે ગાયા, અને ગામને પાદરે નાગા બાળગોવાળો-એ વડ અને કદમ્બના ઝાડ તળે બેસીને તે લલકાર્યાં." આથી કરીને, બંગાળામાં તો વિદ્યાપતિ અને ચણ્ડીદાસ પછી એમને જ સૌ ઉત્તમોત્તમ કવિ માને છે. પરતુ આગળ કહી ગયા તેમ વિશ્વસાહિત્યમા પણ એમના કાવ્યો ઉચ્ચુ સ્થાન લે છે; ઇંગ્લાડના અગ્રગણ્ય કલાપરીક્ષકો જગત્‌ના આધુનિક કવિઓમા તો એમને પ્રથમ સ્થાન આપે છે. વસ્તુત ઇગ્લડના અગ્રગણ્ય lyrical કવિ શેલીના ઉત્તમોત્તમ કાવ્યોની બરોબરી કરે એવા એમના ઘણા કાવ્યો છે, દાખલા તરીકે, એમનુ એક 'ઉર્વશી' નામનુ કાવ્ય શેલીના સુપ્રસિદ્ધ Hymn of Asia ના ભાવવાળુ હોઇ તે કાવ્યથી કોઇ પણ રીતે ઉતરે એવુ નથી. પરતુ, "He probed into the Eternal Hell of human passion" એવી માત્ર શેક્સપીઅરનેજ લાગુ પડે એવી

ઉક્તિ એમને લાગુ પાડવી એ તો અવિચારની પરાકાષ્ઠા છે, એથી કાંઇ કવિનુ ગૌરવ વધે એમ નથી; કવિને પોતાને જ એવી અત્યુક્તિ તરફ સખ્ત અણગમો છે.

રવીન્દ્રનાથના ઘણાંખરા કાવ્યો, તેઓ જેને 'કેવળ કવિકથાવાળા' કાવ્યો કહે છે તેવાં છે; અર્થાત્, તે કાવ્યોમાં, કવિના આત્માના ગુંજન દ્વારા, 'કવિએ કવિતામા ઉતારેલાં પોતાનાં સુખદુઃખ, પોતાની કલ્પના અને પોતાના જીવનની અનુભૂતિ દ્વારા સમસ્ત માનવજાતિના ચિરન્તન હૃદયાવેગ અને જીવનની મર્મકથા આપોઆપ વાગી ઉઠે છે.' સઘળા pure lyrics (શુદ્ધ ગેય કાવ્યો) છે. કેવળ 'કલ્પના'થી નહિ પણ ખરી 'પ્રતિભાદષ્ટિ' થી પ્રેરાયલાં હોઇ, તે કેવળ ક્ષણિક ભાવવાળાં નથી, પરતુ સ્થાયી ભાવથી નિષ્પન્ન થતા રસવાળાં છે.

'ચિત્રાગદા' રવીન્દ્રનાથની બહુ પૂર્વાવસ્થાની કૃતિ છે, છતા તે તેમની ઉત્કૃષ્ટ કૃતિઓમાની એક છે. કેટલાક વિવેચકો 'ગીતાંજલિ' ના કરતા 'ચિત્રાગદા' ને કાવ્ય તરીકે ઉચ્ચુ સ્થાન આપે છે. એકજ કવિની એક કૃતિને બીજીના કરતા ઉચ્ચી ગણવી એ બહુ ઝીણી બાબત છે; પણ એટલુ સ્પષ્ટ કરવું બસ થશે કે 'ગીતાંજલિ' કવિની ઉત્તરાવસ્થાની

કૃતિ છે, કવિને કેટલાંક સાંસારિક સકટો પડયા પછી કવિએ કલામય જીવન તજી અધ્યાત્મ જીવન ગાળવાનો જ્યારથી નિશ્ચય કર્યો ત્યાર પછીની કૃતિ છે; પૂર્વકાળના કાવ્યોમાં કવિત્વ દૃષ્ટિને પ્રાધાન્ય મળ્યુ છે ત્યારે ઉત્તરકાળના કાવ્યોમા અધ્યાત્મદૃષ્ટિને પ્રાધાન્ય મળ્યુ છે; પૂર્વકાળના કાવ્યોમા કવિની પ્રતિભાભરી કલ્પના-ના રગોની સપૂર્ણ ભભક છે, ત્યારે ઉત્તરકાળનાં કાવ્યોમાં તે રગોની છૂટીછવાઇ છાટ માત્ર છે; પૂર્વકાળના કાવ્યોમા કવિની હૃદયવીણાના તારો સૃષ્ટિની વિવિધ વસ્તુઓથી છેડાયા છે, ત્યારે ‘ ગીતાંજલિ ’ મા એ તારોને કવિના હૃદયવિહારી પરમાત્માએજ છેડયા છે. વળી બગાળીઓને ‘ ગીતાજલિ ’ એમની ઉત્તમોત્તમ કૃતિ લાગતી નથી તેનુ કારણ એ છે કે તેમાના ગીતો, વિદ્યાપતિ, ચણ્ડીદાસ અને રામપ્રસાદનાં ઉત્તમો-ત્તમ ભજનોનાજ, તેમને ભણકારા લાગે છે, અને તે અનેક નવીન કલ્પનાઓવાળા છે છતા, તે પ્રાચીન કવિઓમા જે પ્રાપ્તિ કે સાક્ષાત્કારનો ઉલ્લાસ લાગે છે તેવો ઉલ્લાસ ‘ ગીતાંજલિ ’ ના ગીતોમા તેમને જણાતો નથી. ‘ ચિત્રાગદા ’ મા અનુપમ કવિત્વ છે એટલુજ નહિ પરતુ તેમા કવિની ઉત્તરકાળની કૃતિઓમાં નજરે પડતી આર્યદૃષ્ટિ છે. કલાની દૃષ્ટિથી પણ

તે એક ઉત્તમ કૃતિ છે; The Highest Art should be impersonal, ઉત્તમોત્તમ કલામાં કલાકારનું તાટસ્થ્ય એ આવશ્યક અંગ છે, અને જે તાટસ્થ્યની 'રાજાના પર્વત' જેવી ઉત્તમ નાટ્યકૃતિમાં પણ ઉણપ છે તે તાટસ્થ્ય, 'ચિત્રાંગદા' જેવી કવિની બહુ પૂર્વાવસ્થામાં સર્જાયલી કૃતિમાં સંપૂર્ણ અંશે છે. એજ 'ચિત્રાંગદા' નું મહત્ત્વ.

'ચિત્રાંગદા' મહાભારતના નીચેના પ્રસંગ ઉપરથી લખાયું છે.

વ્રતના પાલન અર્થે તીર્થાટન કરતો અર્જુન એક વખત મણિપુર જઇ પહોંચ્યો. ત્યાંના રાજા ચિત્રવાહનની પુત્રી ચિત્રાંગદાના અનુપમ લાવણ્યથી મોહિત થઇ, રાજા આગળ તેને વરવાની પોતાની ઇચ્છા પ્રકટ કરી. ચિત્રવાહને તેનું કુળ વગેરે જાણી લઇ તેને કહ્યું "બહુ કાળથી સંતતિહીન મારા પૂર્વજ પ્રભાજનના તપથી સંતુષ્ટ થઇ ભગવાન્ શિવે તેને વરદાન આપ્યું હતું કે, 'તારા પ્રત્યેક વંશજને અકેકેક સંતાન થશે.' આ પ્રમાણે મારા સર્વ પૂર્વજોને એક એક પુત્ર થયો હતો. પરંતુ મને એક પુત્રીજ થઇ. હું તેને પુત્ર પ્રમાણે પાળું છું, અને તેથી તેનો હું તારી સાથે વિવાહ કરૂં તે પહેલાં, તેનાથી જે

પુત્ર થાય તે તું મને સોંપી દે એવો કરાર, મારા કુળની વૃદ્ધિને અર્થે, તારી પાસે કરાવવો ઘટે છે. આ કરાર કબુલ હોય તો કન્યાનુ ગ્રહણ કર." અર્જુન તેમ કરવા કબુલ થયો અને ચિત્રાગદા સાથે લગ્ન કરી ત્રણ વર્ષ મણિપુરમા રહ્યો. ચિત્રાગદાને પુત્ર થયે, તેને આલિંગન દઇ, તેની તથા તેના પિતાની અનુજ્ઞા લઇ તે પાછો પોતાને પથે પડયો.

(આદિપર્વ–અ૦ ૨૧૬)

મહાભારતના આટલા પ્રસગ ઉપરથી કવિએ જે ઉત્તમ કૃતિ ઉપજાવી છે તે તેમની અપ્રતિમ પ્રતિભા અને અદ્ભુત સૃજનશક્તિની સાખ પૂરે છે. મહાભારતની કથામાં કરેલા એક બે ફેરફાર જણાવવાથી આ વિશેષ સ્પષ્ટ થશે. ચિત્રાગદા અને અર્જુનનો પ્રસગ મહાભારતમા વાંચ્યા પછી વાચકને એક સહજ પ્રશ્ન થાય છે: ઉલૂપીએ અર્જુનની પાસે પ્રણયદાન માગ્યુ ત્યારે, 'ભદ્રે ! મારૂં દ્વાદશ વર્ષનુ બ્રહ્મચર્ય ધર્મરાજ-થી આદેશાયલુ છે, હુ સ્વયવશ નથી ' આવી ધર્માવલબનની દલીલ કરનાર મહાબાહુ અર્જુન ચિત્રાગદા આગળ પોતાનુ ધર્મવ્રત કેમ વિસરી ગયા હશે ? ત્યારે 'ચિત્રાગદા' મા સાતમે પૃષ્ઠે ' મેં બ્રહ્મચર્ય વ્રત ધારણ કર્યું છે, પતિયોગ્ય નથી હુ વરાગને ' આ, પ્રથમ તેઓ જ્યારે

મળ્યાં ત્યારે અર્જુનના છેલ્લા શબ્દો હતા એમ ચિત્રાગદાને મુખે કહેવડાવી કવિએ આ પ્રશ્નનો અવકાશ રાખ્યો નથી. ઉલૂપી આગળ જે દલીલ અર્જુને કરી હતી તેવા પ્રકારની દલીલ ચિત્રાગદા પ્રતિ પણ કરાવી છે; અને મદન અને વસન્ત જેવા અમૂર્ત પાત્રો દાખલ કરી, ચિત્રાગદાને તેમની મદદ અપાવી મદન—વસન્ત —મય ચિત્રાગદા આગળ અર્જુનના વ્રતનો ભંગ કરાવ્યો છે. આ ફેરફારમા બહુ ઔચિત્ય છે. ચિત્રાગદા પ્રથમ જે સ્થિતિમાં હતી તે સ્થિતિમા તેનામા સામાન્ય સૌન્દર્ય તો હતું; પરતુ તેવા સૌન્દર્ય આગળ અર્જુનને અડગ દર્શાવી, પાછળથી મદન અને વસન્તનુ પ્રાબલ્ય પ્રકટ કરી કવિએ સસારનુ એક શાશ્વત સત્ય પ્રકટ કર્યું છે.

આ સનાતનસત્ય પ્રકટ કરવા ઉપરાત સંસારમા સ્ત્રીના સ્થાન અને કર્તવ્યનો પ્રશ્ન પણ કવિએ છેડ્યો છે અને બે જૂદી જૂદી ભાવનાઓ એક જ પાત્રદ્વારા પ્રકટ કરાવી બનેમા કેટલુ વાસ્તવ છે તે કવિએ સુદર રીતે દર્શાવ્યુ છે. પ્રથમ પ્રચલિત ભાવના દર્શાવી છે. Meredith કહે છે તેમ, "Is it not preferable to be the pretty idiot, the passive beauty the adorable bundle of caprices

—very feminine × × ? Our women are taught to think so"
આવોજ આપણો સ્રીઓનો ભ્રમ કવિએ (પૃષ્ઠ ૪૬ મે) ચિત્રાગદાના મુખે પ્રકટ કરાવ્યો છે; તે કહે છે કે સ્નેહમા સ્ત્રી અને શૌર્યમા પુરૂષ હોવુ એ તો સ્ત્રીનુ મન્દ ભાગ્ય છે, " સ્ત્રી જ્યારે કેવળ સ્ત્રી હોય; કેવળ ઘરણીની શોભારૂપ, કેવળ પ્રકાશરૂપ, કેવળ સ્નેહરૂપ હોય; અનેક સુમધુર વિભ્રમ અને નાના પ્રકારના લાડ કરતી, ક્ષણે ક્ષણે, ઢળે, વળગે, વીંટળાય, હસે, રડે, સેવા અને સ્નેહની શીળી છાય છાઇ સદાય જોઇ રૂહે તોજ તેનો જન્મ સાર્થક છે." આ તથા આવાજ ભાવની વક્રોક્તિ કરી ચિત્રાગદાનો હેતુ તો અર્જુન પાસે પોતાને જે ભાવના ઇષ્ટ છે તેજ કહાવવાનો હતો. અર્જુન જ્યારે આગળ જતા મુઝાઇ કહે છે કે, 'તારામા જે સત્ય છે તે આપ, મારામા જે સત્ય છે તે તુ લે,' ત્યારેજ ચિત્રાગદા પ્રકટ થઇ, પોતાને મનભાવતી ભાવના અર્જુનને પણ ગમે છે એવી ખાતરી કરી, આખરે અર્જુનને કહે છે કે, 'હુ હવે આપને બીજુ તો શુ આપી શકુ? પણ આપી શકુ એક અક્ષય, અમર રમણીહૃદય,' "નથી હુ દેવી, કે નથી હુ કોઇ સામાન્યા-પૂજન કરી માથે ધરી રાખો તેનીપે

હું નથી તેમ અવગણના કરી પછી માત્ર તેનુ ભરણપોષણ કર્યા કરો તેવીએ હુ નથી. સકટના પથમા મને આપની પાસે રાખો, આપની ગૂઢ ચિતામા મને ભાગ લેવા દો, આપના કઠિન વ્રતમાં સહાય થવા મને અનુમતિ આપો, આપના સુખદુઃખની મને સાથી બનાવો ત્યારેજ આપને મારો પરિચય થશે. આપના જે સતાનને હુ ગર્ભમા ધારણ કરી રહી છુ તે જો પુત્ર અવતરશે તો બાળપણથીજ તેને વીરશિક્ષણ આપી તેને બીજો અર્જુન બનાવી, એકદિન તેના પિતાને ચરણે ધરીશ, ત્યારેજ મને ઓળખી શકશો, મારા પ્રિયતમ." આટલાજ શબ્દોમા સ્ત્રીની પ્રતિષ્ઠા તથા કર્તવ્યનો કવિએ અતિસુદર ખ્યાલ આપ્યો છે. ખરે, ચિત્રાગદા પતિની સહચરી છે; રાત્રીની ક્રીડાસહચરી અને દિવસની કાર્યસહચરી છે, શેલીની Cythna જેવી "the woman exquisitely feminine, yet capable of being fired with male enthusiasms, and of grappling the real problems of our nature with a man's firm grasp".

મદન અને વસન્તનો વિજય—પ્રકૃતિનુ પ્રાબલ્ય—કવિએ કેમ પ્રકટ કર્યુ છે તે આપણે ઉપર જોઇ ગયા. પરતુ શું પ્રકૃતિનુ એટલુ એક સત્ય

પ્રકટ કરવાનો જ કવિનો ઉદ્દેશ છે ? કેટલાક એમ માને છે કે 'ચિત્રાગદા' ભોગ અને વિષયસુખનુજ ચિત્ર છે. વસ્તુતઃ તેમ નથી. વિષયભોગ અને ઇન્દ્રિયતૃપ્તિને અતિ ભભકભર્યા રગથી ચીતર્યા છે, પરતુ સાથે સાથે તેની ક્ષણિકતા અને નિ.સારતા પ્રકટ કરવામા પણ બાકી રાખી નથી. મદન અને વસન્ત પાસે ચિત્રાગદાને માત્ર એક વર્ષ માટેજ અપૂર્વ સૌન્દર્ય અપાવી તે રૂપની ક્ષણિકતા પ્રકટ કરી છે, તે રૂપથી તેટલા નિર્મિત સમયમા પણ અર્જુનને અસતુષ્ટ થતો બતાવ્યો છે, ભોગનુ દુઃખમય પરિણામ પણ ચિત્રાગદાના મુખેજ કહેવડાવ્યુ છે " હુ તો સસાર પથે એક પ્રવાસિની છુ, મેલા છે મારા વસ્ત્ર, ઉઝરડા પડ્યા છે મારા ચરણે. ક્યાથી મળે મને કુસુમ-લાવણ્ય, એ ઘડીના જીવનની નિષ્કલક શોભા ?" અને સૌંદર્યના માયામય આવરણને ચીરી પોતાના ખરા સ્વરૂપમા જ્યારે ચિત્રાગદા પ્રકટ થાય છે ત્યારેજ અર્જુન રીઝે છે ચિત્રાગદા છેલ્લા પ્રવેશમા અર્જુનને પૂછે છે કે દેહસૌન્દર્યનુ સંપૂર્ણ પાન કરી લીધુ ? 'ખાલી થઇ ગયુ મારૂ સર્વસ્વ ?' અને એજ પ્રશ્નનો ઉત્તર આપી પોતેજ કહે છે કે " નહિ, નહિ, પ્રભુ, સારૂ નરનુ કામુક તો બાકી રહ્યુ છે " અને આગળ જતા કહે

છે કે, 'મારી પાસે છે એક અક્ષય, અમર, રમણી-હૃદય.' અને અહીં કવિએ "Beauty is merely the spiritual making itself known sensuously"—સૌંદર્ય વસ્તુતઃ ઈંદ્રિયગ્રાહ્ય રૂપે પ્રકટ થતું આધ્યાત્મિક તત્ત્વ છે-એ હેગલનુ પરમ સત્ય પ્રકટ કર્યુ છે. બાહ્ય સૌંદર્ય નહિ, પણ એ આંતર સૌંદર્ય ઉપરજ પ્રેમનુ અવલમ્બન છે.

પરંતુ નાટકનો પ્રધાન અંગ, નાટકનો અંતર્ગત હેતુ તો જૂદોજ છે.

આ બહુ પૂર્વાવસ્થાની કૃતિ છે, એટલે એ લખતી વખતે રવીન્દ્રનાથના ચિત્તમા પોતાને અતિપ્રિય કાલિદાસની કૃતિઓ રમ્યા કરતી હશે એમ અનુમાન કરવુ ખોટુ નથી. કાલિદાસના અભિજ્ઞાનશાકુંતલ અને કુમારસંભવની જે પ્રધાન ભાવના કવિ માને છે તેજ ભાવના, મહાભારતનો પોતાને ગમતો પ્રસગ ઉચકી લઇ, ઉત્તમ કલાવિધાયકની રીતે, પોતાની કૃતિમા ઉતારી છે. એમના બે પ્રબંધો 'શકુન્તલા' અને 'કુમારસંભવ ઓ શકુન્તલા' ના ઉલ્લેખથી આ વિષય ઉપર સ્પષ્ટ પ્રકાશ પડશે.

'શકુન્તલા' પ્રબંધમા કવિ ક્હે છે· "વસ્તુત· શાકુન્તલમા મિલન બે છે, એક પૂર્વ મિલન *

અને એક ઉત્તર મિલન. પ્રથમ અંકમાંના મર્ત્યલોકીય, ચચલ-સૌંદર્યમય, વિચિત્ર, પૂર્વ મિલનમાંથી સ્વર્ગતપોવનમાના શાશ્વત આનન્દમય ઉત્તર મિલનમા યાત્રા એજ અભિજ્ઞાન શાકુન્તલ નાટક. નાટકનો પ્રધાન સૂર કેવળ કોઇ વિશેષભાવનુ નિરૂપણ નથી, કે કોઇ વિશેષ પાત્રનુ વિકાસન નથી, પરતુ સમસ્ત કાવ્યને એક લોકમાથી અન્ય લોકમાં લઇ જવાનો-પ્રેમને શરીર-સૌન્દર્યના પ્રદેશમાંથી આત્મ-સૌન્દર્યના અક્ષય સ્વર્ગધામમાં સ્થાપવાનો છે." આ શબ્દો 'ચિત્રાગદા' નેએ સર્વાશે લાગુ પડે છે. ચિત્રાગદા નાટકમાએ બે મિલન છે, નાટકને આરભે વર્ણવેલુ અન્યોન્યના સૌન્દર્યના આકર્ષણ જનિત મિલન, અને અતે એકબીજાના આન્તર સત્ય ગ્રહણ કરી 'ચિરકાલીન, શ્રાન્તિહીન' મિલનમાં નાયકનાયિકા જોડાય છે તે મિલન એક મિલન બીજા મિલન વિના સ્પષ્ટ રીતે અપૂર્ણ છે એમ દર્શાવવાનો કવિનો આશય છે. 'કુમારસભવ એ। શાકુન્તલા' મા કવિ કહે છે' "જેમ શ્લોકનુ એક ચરણ, સપૂર્ણ મમેલ માટે અન્ય ચરણની અપેક્ષા રાખે છે, તેમ દુષ્યન્ત શકુન્તલાનુ પ્રથમ મિલન સંપૂર્ણતા પામવાને અર્થે દ્વિતીય મિલનની પ્રબળ આકાક્ષા રાખે છે." 'શાકુન્તલ' ના પ્રથમ અકમા દુષ્યન્ત, શકુન્ત-

લાનો સત્ય પરિચય પામ્યા અગાઉ તેની લાવણ્ય–લીલાથી આકર્ષાય છે, અને અંતિમ અંકમાં પશ્ચાત્તાપના આંસુથી જેનાં પાપ ધોવાઈ ગયાં છે એવા દુષ્યન્તના હૃદયની તૃપ્તિ वसने परिधूसरे वसाना, नियमक्षाममुखी, धृतैकवेणिः शुद्धशीला ભરતની માતા શકુન્તલાને જોઈનેજ થાય છે. 'ચિત્રાગદા' માં પણ ચિત્રાંગદાનું રહસ્ય સમજ્યા વિના તેના માગી આણેલા ક્ષણિક સૌન્દર્ય પર મોહિત થયેલો અર્જુન આખરે તેના ખરા સ્વરૂપમાં ચિત્રાંગદા પ્રકટ થાય છે અને 'હું તમને બીજો અર્જુન આપીશ' એમ કહે છે ત્યારેજ પોતાને ધન્ય માને છે 'કુમારસભવ ઓ શકુન્તલા' માથી એક બીજું અવતરણ કરવાથી આજ વિષય વિશેષ સ્પષ્ટ થશે. "બન્ને કાવ્યમા કવિએ દર્શાવ્યુ છે કે મોહમય હોઇ જે પ્રેમ અકૃતાર્થ છે તેજ પ્રેમ મગલમય થઇ કૃતાર્થ બને છે; સૌન્દર્ય ને સયત રાખનાર ધર્મભાવના જ અચળ છે અને પ્રેમનુ શાંત, સંયત કલ્યાણ રૂપ જ શ્રેષ્ઠ રૂપ છે, સયમમાજ સૌન્દર્યની યથાર્થ શ્રી છે અને ઉચ્છૃંખલતામાં તેની વિકૃતિ થાય છે. ભારતવર્ષના પુરાતન કવિએ પ્રેમનેજ પ્રેમના અતિમ સાર્થક્ય તરફ

સ્વીકાર્યો નથી, મંગલજ પ્રેમનું પરમ લક્ષ્ય છે એમ પોકારીને કહ્યું છે. તેના મતે પ્રેમ જો વન્ધ્ય હોય, પોતામાંજ સંકીર્ણ થઈ રહે, અને કલ્યાણને જન્મદાન ન દે તથા સસારમાં પુત્ર-પુત્રીમાં અને અતિથિ તેમ પડપડોસીઓમાં વિચિત્ર સૌભાગ્યરૂપે વ્યાપ્ત ન થાય તો સુંદર નથી, સ્થાયી નથી." કાલિદાસ કવિની બાબુ રવીન્દ્રનાથે જે એકતા માની છે તે પોતાની કૃતિમાં ઉતારવાનો 'ચિત્રાંગદા 'મા અતિ સફળ પ્રયત્ન થયો છે.

ચિત્રાંગદા.

અનંગ આશ્રમ.

ચિત્રાંગદા, મદન અને વસન્ત.

ચિત્રાંગદા—

આપ પચશર ?

મદન—

હા તેજ મનસિજ હુ, સકળ નરનારીનાં હૈયા દુઃખ અને *સુખના બધને બાંધુ છુ.

ચિત્રાંગદા—

તે દુખ અને તે બધન જાણે છે આપની

દાસી. પ્રણમુ છુ, પ્રભુ, આપને પદે.—(વસન્ત પ્રતિ) આપ કોણ, દેવ ?

વસન્ત—

હુ ઋતુરાજ વસન્ત. જરા અને મૃત્યુ, એ દૈત્ય, ક્ષણેક્ષણ જગતનું સત્ત્વ ચુસી લઇ તેને કગાલ બનાવવા મથી રહ્યા છે, હું તેમની પાછળ ને પાછળ ફરૂ છુ અને પદે પદે તેમના ઉપર આક્રમણ કરૂં છું, રાતદિવસ આ સગ્રામ ચાલી રહ્યો છે. હુ છુ વિશ્વનુ અનન્ત યૌવન.

ચિત્રાંગદા—

પ્રણામ આપને, ભગવન્. દેવના દર્શને દાસી ચરિતાર્થ થઇ.

મદન—

કલ્યાણિ, તારૂ આ કઠોર વ્રત શાને ? તારા યૌવનકુસુમને તપસ્યાના તાપથી કરમાવી મલિન કેમ કરી નાખે છે ? અનંગની પૂજાના ન્હોય આવાં વિધાન. તું કોણ છે, ભદ્રે ? તારી શી યાચના છે ?

ચિત્રાંગદા—

મારી દયા ખાતા હો તો તો સાભળો પ્રથમ મારો ઇતિહાસ. પછી જણાવીશ મારી પ્રાર્થના.

મદન—

સાંભળવા ઉત્સુકજ છુ

ચિત્રાંગદા—

હુ ચિત્રાંગદા—મણિપુરના રાજાની કુવરી. તપથી સતુષ્ટ થઇ, ભગવાન્ ઉમાપતિએ મારા એક પૂર્વજને વરદાન આપ્યુ હતું કે "તારા વશમા કદી કન્યા નહિ જન્મે." મેં એ મહાવર વ્યર્થ કર્યો છે. અમોઘ દેવવાકય મારી માતાના ગર્ભમાં પેશી, મારા દુર્બલ જીવનકણુને શૈવતેજના બળે કરીને પણ પુરુષ બનાવી શકયુ નહિ. અબળા છતાંય હું આવી કઠણુ છુ.

મદન—

હા, મે સાભળ્યુ છે એ. તેથીજ તારા પિતાએ તને પુત્રની રીતે ઉછેરી છે. તને ધનુર્વિદ્યા શીખવી છે અને રાજકાજમાં પારગત કરી છે.

ચિત્રાંગદા—

હા, તેથીજ હુ પુરુષવેશે, યુવરાજરૂપે, રાજકાજ કરૂ છુ, અને યથેચ્છ ફરૂં છુ; નથી જાણુતી હુ લજ્જા, ભય કે અન્તઃપુરવાસ; નથી આવડતા મને હાવભાવ કે વિલાસચાતુરી,

ધનુર્વિદ્યા શીખી છું, માત્ર શીખી નથી, દેવ, કટાક્ષે આપનું પુષ્પશર ફેંકતાં.

વસન્ત—

સુનયને, એ વિદ્યા શીખવી નથી પડતી કોઇ નારીને, નયન પોતાનુ કામ પોતાની મેળેજ કરે છે. હૈયાના ઘાયલજ તે તો જાણે.

ચિત્રાંગદા—

એક દિવસ શિકારની શોધમાં હુ પૂર્ણા-નદીને તીરે ગાઢ વનમાં જઈ ચઢી. ઝાડના થડે મારો ઘોડો બાંધીને, હરણુની પદપક્તિ અનુ-સરતી હુ એક દુર્ગમ, કુટિલ વનપથે પડી. તમરાંના અવાજથી મુખરિત, નિત્ય અધકારમય, લતાગુલ્મથી ગહન, ગભીર મહા અરણ્યમા થોડે દૂર ગઇ એટલે, સાંકડો રસ્તો રોકીને સૂઈ રહેલો એક મલિન વસ્ત્રધારી પુરુષ એકાએક, મારી નજરે પડચો. મે તિરસ્કારથી તેને ખસી જવાનુ કહ્યુ. તે ખસ્યો નહિ, તેમ પાછુએ ન જોયુ. ધીરજ ન રહી, અને ઉદ્ધત રોષમા ધનુષ્યની અણિ મેં તેને ઘોંચી,—સીધાં, મોટાં ગાત્રવાળો તે એક ક્ષણુમા તીરવેગે ઉઠી મારી સામે ઉભો રહ્યો,—ભસ્મસુપ્ત અગ્નિ, ધૃતાહુતિ મળ્યે, આખના પલકારામા ભભુકી ઉઠે તેમ. ફક્ત ક્ષણુભર મારા સામુ જોયુ,—રોષદષ્ટિ એક પલકમા ગળી ગઇ.

તેના અધરપ્રાન્ત ઉપર ગુપ્ત કૌતુકની મૃદુ હાસ્યરેખા નાચી રહી,—હું માનુ છુ કે મારી બાલક–મૂર્તિ જોઇને.

પુરુષની વિદ્યા શીખી, પુરુષનો વેશ પ્હેરી, પુરુષની સાથે રહી, આટલા દિવસ મને વિ-સ્મરણ થયુ હતું કે હું સ્ત્રી છુ, તે વાતનુ, તેમનુ મુખ જોતાં, અચલ, આત્મસ્થિત તેમની મૂર્તિ જોતાં, તત્ક્ષણ મને ભાન થયુ. તેજ ક્ષણે મેં પ્રથમ જાણ્યુ કે એક પુરુષ મારી સામે ઉભો છે.

મદન—

સુલક્ષણે, મારોજ એ પ્રભાવ. હુંજ પ્રગટાવું છુ, એક દિન જીવનની શુભ પુણ્ય ક્ષણે, સ્ત્રીમા સ્ત્રીત્વની અને પુરુષમા પુરુષત્વની ચિનગારી.— પછી શુ થયુ ?

ચિત્રાંગદા—

સભય, વિસ્મિત સ્વરે મે પૂછ્યુ· "તમે કોણ છો ?" ઉત્તર મળ્યોઃ "કુરુવંશનો હુ અર્જુન."

હુ તો ચિત્રવત્ ઉભી રહી, તેમને પ્રણામ કરવા એ ભૂલી ગઇ —શુ આજ અર્જુન ? આ-જન્મની મારી વિસ્મયમૂર્તિ ? હા, મેં સાભળ્યુ હતું કે પ્રતિજ્ઞા પાળવા, બાર વર્ષનુ બ્રહ્મચર્ય

લઇ, અર્જુન વનચર્યા કરે છે. આજ તે પાર્થ-વીર ! કેટલાએ દિવસથી બાલ્ય–દુરાશામાં હુ ધારતી હતી કે મારા ભુજબળે અર્જુનની કીર્તિ ઝાંખી કરીશ; અમોઘ લક્ષ્ય સાધીશ; પુરુષના કપટવેશમા તેમની પાસે યુદ્ધ માગી તેમને મારા વીરત્વનો પરિચય આપીશ અરે નાદાન, કયા ગઈ તારી એ ધૃષ્ટતા ! જે ભૂમિ ઉપર તે ઉભા હતા તે ભૂમિ ઉપરનુ હું તરણુ બની ગઇ હોત, જે કાઇ શૌર્ય, વીર્ય મારામા હોય તે ધૂળમા મેળવી દઇ તેમના ચરણુ તળે હુ દુર્લભ મૃત્યુ પામી હોત તો—

હુ કેવા વિચારવમળમા પડી ગઇ તે મને યાદ નથી. તે વીર તો ધીમે ધીમે વનમા ચાલ્યા ગયા. હુ ચમકી ઉઠી; તેજ ક્ષણે મારી ચેતના જાગ્રત થઇ, મારી જાતને મેં શતવાર ધિક્કારી. અરેરે ઘેલી ! તેમની સાથે સભાપણે ન કીધુ, તેમને કાઇ પૂછ્યુએ નહિ, ક્ષમાભિક્ષા પણુ ન માગી,—બબુચક જેવી ત્યા ઉભી રહી—તે વીર તો તિરસ્કારમા ચાલ્યા ગયા. હજી હુ જીવુ છુ ! તે ક્ષણે મરી ગઇ હોત તો બધી પીડામાથી બચી જાત —

બીજે દિવસ પ્રભાતે મારો પુરુષવેશ મે

દૂર કર્યો. લાલ સાડી સજી, હાથે કંકણ ધારણ કર્યાં, પગે નૂપુર પહેર્યાં, કટિભાગે મેખલા બાંધી. આ અપરિચિત વેષ મારી સંકોચાતી લજ્જામાં વીંટાઇ મારા અંગને વળગી રહ્યો.

તેમની શોધમાં હું પેલા વનમાં ઉપડી; ત્યાંના શિવમંદિરમાં તેમને જોયા.

મદન—

બોલે જા, બાળા, બોલે જા. મારી પાસે શરમ ન રાખતી. હું મનસિજ છું; મનના સઘળાં રહસ્ય જાણું છું.

ચિત્રાંગદા—

મેં શું કહ્યું અને મને શા ઉત્તર મળ્યા તેની મને ચોખ્ખી સ્મૃતિ નથી. વધુ પૂછશો નહિ, ભગવન્ લજ્જા મારા ઉપર વજ્રસમી પડી પણ મારા ચૂરેચૂરા ન થયા. સ્ત્રી છતાં હું આવી પૌરુષવતી! દુઃસ્વપ્નથી વિહ્વલ થયેલી હોઉં એવી હું શી રીતે ઘેર આવી તે મને ખબર ન પડી. તેમના છેલ્લા શબ્દ તપ્ત શલ્ય જેવા મારા કાનમાં ખુંચવા લાગ્યાઃ "મેં બ્રહ્મચર્યવ્રત ધારણ કર્યું છે; પતિયોગ્ય નથી હું, વરાંગને."

પુરુષનુ બ્રહ્મચર્ય ! ધિક્કાર છે મને, હું તેને ચળાવી શકી નહિ ! કામદેવ, આપ તો જાણો છોજ કે અસખ્ય ઋષિમુનિઓએ તેમની ચિરાર્જીત તપસ્યાનાં ફળ સ્રીના ચરણે ત્યજ્યાં છે, ક્ષત્રિયનુ તે વળી બ્રહ્મચર્ય !—

ઘેર જઇ ધનુપ્ બાણ જે કાઇ હતાં તેટલા ભાગી નાખ્યાં,—ધનુપ્‌ની પણછ ખેંચી ખેંચી કઠણ થયેલો મારો કરતલ—જે આટલા દિવસ મારા ગર્વનુ કારણ હતો—તેનો મેં વ્યર્થ ક્રોધમાં તિરસ્કાર કર્યો. આટલા દિવસે મને જણાયુ કે સ્રી થઇ પુરુષનુ મન ન જીતી શકી તો બધી વિદ્યા વૃથા છે. અબળાના મૃણાલ શા કોમળ બાહુ, આ બાહુ કરતા શતગણા બળવાન્ છે. ધન્ય છે તે મૂર્ખ, મુગ્ધ, ક્ષીણ તનુલતાને જે બીજાને અવલમ્બીને રૂહે છે ! ધન્ય છે તે લજ્જાળુ, અવનતાગી સામાન્ય લલનાને, જેના ભીરૂ નેત્રપાત આગળ સમસ્ત વીર્યબળ અને કઈ કઈ તપસ્યાના તેજ પરાભવ માને છે ! હે અનગદેવ, મારો સઘળો દમ્ભ એક ક્ષણુમા તમે નષ્ટ કર્યો છે, મારી સઘળી વિદ્યા, સઘળુ બળ ક્ષુદી નાખ્યાં છે, તમારા ચરણુતળે. હવે શીખવો મને તમારી વિદ્યા, આપો મને અબળાનુ બળ, અરાસ્રનુ શસ્ત્ર.

મદન—

હું તને સહાય થઇશ. અયિ શુભે, વિશ્વ-જયી અર્જુનને જીતી કેદ કરી લાવીશ તારી સન્મુખ. રાણી થઇ કરજે યથેચ્છ તેનો ન્યાય. વિદ્રોહીને કરજે શાસન.

ચિત્રાંગદા—

સમય વધારે હોત તો તો હું એકલીજ ધીમે ધીમે તેમના હૃદય પર અધિકાર મેળવત, દેવતાની સાહાય્ય ન લેત. સગી થઇ તેમની સાથે રહત, રણક્ષેત્રમા સારથી થાત, મૃગયામાં અનુચર બનત, છાવણીમાં રાત્રે તેમના તબુના દ્વાર આગળ પૂહેરો ભરત, નોકર થઇ તેમની સેવા કરત, ક્ષત્રિયોના આર્તત્રાણ–મહાવ્રતમા તેમને સહાયરૂપ થાત. પછી જરૂર એક દિવસ કુતૂહલથી મને જોઇ, મનમા ને મનમા તે વિચારતઃ “આ કોઇ બાળક, પૂર્વ જન્મનો કોઇ, ચિરદાસ મારા પુણ્ય કર્મની માફક આ જન્મમા પણ મારી સાથે આવ્યો છે.” ધીમે ધીમે તેમના હૃદયના દ્વાર ઉઘાડી તેમા ચિરસ્થાન મેળવત. હુ જાણું છુ કે મારો આ પ્રેમ કેવળ અશ્રુમાજ પર્યાપ્ત થાય તેમ નથી. જે સ્ત્રી નિર્વાક્ ધૈર્ય ધારણ કરી, રાત્રિએ પોતાના અતર્ની વેદના પર આંસુ સિંચે, અને દિવસે

મ્લાન હાસ્યમાં તે ઢાંકી રાખે,—એવી આ-જન્મવિધવા નથી હુ; મારી કામના કદી નિષ્ફળ જશે નહિ. મારૂં ખરૂં સ્વરૂપ એકવાર તેમને બતાવી શકું તો તો જરૂર તે મારા હાથમાં આવે. હાય, તે દિવસ તેમણે મને કેવી જોઇ હતી ! લજ્જાથી સંકુચિત, એક શંકિત, કમ્પિત નારી, પોતાને ભુલી જઇ કેવળ પ્રલાપ કરનારી. પણ શુ હું ખરેખર તેવી છુ ? અનેક નારીઓ ઘરમાં, રસ્તામાં, ચારે વાટ રૂદનનોજ આશ્રય લે છે. તેમના કરતાં મારામા કાંઇ વિશેષ નથી ? પરંતુ, અરે, પોતાનો પરિચય આપવા માટે તો બહુ ધૈર્ય જોઇએ, બહુ દિવસ જોઇએ, સારી જીંદગી જતી રૂહે, જન્મ જન્માંતરનાં વ્રત લેવાં પડે. માટેજ આવી છુ આપને દ્વારે અને માંડ્યુ છે આ કઠોર તપ. હે ભુવનવિજેતા દેવ, હે મહાસુન્દર ઋતુરાજ, માત્ર એક દિવસ માટે તો દૂર કરો જન્મદાતા વિધાતાનો વિનાદોષ શાપ—આ અબલાનું કુરૂપ. આપો મને અપૂર્વ સૌંદર્ય. આપો મને એવો એક દિવસ. પછીની તો હુ પેરવી કરી લઇશ. *એક દિવસ તો મને મારા હૃદયમાં થયેલા આકસ્મિક પ્રેમના વિકાસ જેવી અતીવ મનોહર બનાવો. હે વસન્ત, હે વસન્તસખા, એક દિવસ માટે તો આ મારી વાસના પૂરો.

મદન—

તથાસ્તુ.

વસન્ત—

તથાસ્તુ. માત્ર એક દિવસ નહિ, પણ જા, એક આખું વર્ષ વસન્તની પુષ્પશોભા તારી દેહલતાની આસપાસ વિકસી રહેશે.

મણિપુર—અરણ્યશિવાલય.

અર્જુન.

અર્જુન—

મેં શુ જોયુ ? એ તે શુ સત્ય કે માયા ? નિબિડ, નિર્જન વનમાં નિર્મલ સરોવર,—એવું શાન્ત, એકાન્ત કે જાણે નિસ્તબ્ધ મધ્યાહ્‌ને વનલક્ષ્મીગણ ત્યા સ્નાન કરી જાય; અને ગભીર પૂર્ણિમાની રાત્રે તે સુપ્ત સરોવરના સ્નિગ્ધ તૃણપુજતટે, સ્ખલિત વસ્ત્રે, નિઃશક મીઠી નિદ્રા લે

ત્યાં વૃક્ષની ઘટામા એક સ્હાંજે મારી ગત જીવનકથા, દુનિયાના મૂઢ ખેલ, સુખ દુ ખ, ચઢતી પડતી, જીવનના અસતોષ, અધુરી આશા, મર્ત્ય માનવનુ અનન્ત દારિદ્રય,—આ સૌ વિચારતો બેઠો હતો. તે વખતે વૃક્ષઘટાના ગાઢ અધકારમાંથી ધીમે ધીમે એક અનુપમ લાવણ્યમૂર્તિ સરોવરના ઘાટ ઉપરની એક શ્વેત

શિલા ઉપર આવી ઉભી. કેવું અપૂર્વ રૂપ ! *જાણે તેના કોમલ, શુભ્ર ચરણ નીચે પૃથ્વીનુ હૃદય આનન્દથી ધડકી રહે ! ઉષાના સુનેરી અભ્ર જોતજોતામા જેમ ગળી જાય, ઉદયાચલના શુભ્ર શિખરની અકલંક, નગ્ન શોભા ખુલ્લી કરે, તેમ તેના વસ્ત્ર, સહજે તેના દેહના લાવણ્યમા ગળી જઇ, તેને પ્રકટ કરતા હતા. સરોવર તટપરથી તેણે પોતાનુ શિર નમાવી, કુતૂહલ-વશાત્, સ્વચ્છ જલમા પોતાની મુખચ્છાયા જોઈ, જોતાજ તે ચમકી ઉઠી. ક્ષણ પછી મૃદુ હાસ્ય કરી વામ બાહુની મુગ્ધ ચેષ્ટા સાથે તેણે પોતાનો કેશપાશ છોડી નાખ્યો, છુટા કેશ તેના ચરણ આગળ આમતેમ ઝુલી રહ્યા. વસ્ત્ર ખસેડી નાખી, પોતાના અનવદ્ય, સ્નિગ્ધ-સ્પર્શ, પ્રેમકરુણાભીના બાહુ નિરખી રહી. શિર નીચુ નમાવી, પોતાના પરિસ્ફુટ દેહતટ ઉપર વિકસી રહેલુ યૌવન નિરખ્યુ પોતાના ગૌરતનુ ઉપર પથરાયલી કંઇક લજ્જાની લાલાશયુક્ત પ્રભા નિહાળી. સરોવરના જલમા ચરણ બોળી તેમાથી વિલસતી તેની આભા જોઇ રહી. તેના વિસ્મયની સીમા રહી નહિ, જાણે પોતાને તેણે પ્રથમજ જોઇ હોયની ! કોઇ શ્વેત કમળ-કળિ જાણે સદાકાળ અણવિકસી રહીને, કોઇ

શુભ પ્રભાતે એકાએક ખીલી પૂર્ણ શોભા પામતા, ગરદન નમાવી નીલ સરોવરજલમાં પોતાને પ્રથમ જોઇ સારો દિવસ વિસ્મય-મા ગરક થઇ રહી હોયની ! પણ ક્ષણમા તો, કોણ જાણે શે દુખે, તેના મુખ ઉપર-નુ હાસ્ય ઉડી ગયુ, તેના નયનપદ્મ કરમાયા. તેણે તેનો કેશપાશ બાધી લીધો, વસ્ત્ર ઠીક કર્યા અને નિશ્વાસ નાખતી ધીરે ધીરે તે સરી ગઇ—સુવર્ણમય સધ્યા, મ્લાન મુખ કરી મૃદુ પદે અધારી રજનીમા સરી જાય તેમ.

મને વિચાર થયો, ધરણીએ પલકવાર પોતાનુ ઐશ્વર્ય દાખવી દીધુ. મારી મન કામનાની સપૂર્ણતા ક્ષણમા જણાઇ અને ક્ષણમાં વિરામી. —વળી વિચાર થયો· કેટલુ યુદ્ધ, કેટલી હિંસા, કેટલો આડમ્બર, પુરુષનુ પૌરુષગૌરવ, વીરત્વની સતત કીર્તિતૃષા, શાંત થઇ, એ પૂર્ણ સૌન્દર્ય આગળ, પગે પડે છે—પશુપતિ સિહ જેમ દુર્ગાના ભુવનવાછ્છિત અરૂણ ચરણ તળે નમી જાય છે તેમ. પણ એકવાર જો......બારણુ કોણે ઠેલ્યુ ?

(બારણુ ઉઘડયુ)

આ કોણ ? તે જ મૂર્તિ ! શાન્ત થા હૃદય ! (ચિત્રાગદા પ્રતિ) અભય હો અહિં, હે સુ-મુખિ ! હુ છુ ક્ષત્રકુલોત્પન્ન, ભયભીત દુર્બલના ભય હરનારો.

ચિત્રાંગદા—

આર્ય, આપ મારા અતિથિ છો. આ મન્દિર મારો આશ્રમ છે. નથી જાણુતી હું, આપની અભ્યર્થના કેમ કરવી, કેવો સત્કાર કરી આપને સતોષવા.

અર્જુન—

તમારૂં દર્શન અતિથિસત્કાર છે, સુન્દરિ ! તમારાં મધુરા વેણુ મારૂં સૌભાગ્ય છે. વાધો ન હોય તો એક પ્રશ્ન પૂછવા ઇચ્છુ છુ. મને એક કુતૂહલ થયુ છે.

ચિત્રાંગદા—

નિઃસકોચ પૂછો.

અર્જુન—

શુચિસ્મિતે ! કયા સુકઠોર વ્રતને યોગે, આ રૂપરાશિનો, આ નિર્જન દેવાલયમાં, વ્યય કરી, હતભાગ્ય માનવલોકની વંચના કરી રહ્યાં છો ?

ચિત્રાંગદા—

એક ગુપ્ત કામનાની સિદ્ધિ માટે એકચિત્તે શિવપૂજા કરૂ છુ.

અર્જુન—

હાય, જગતની કામના તમે, કો'ની કરો છો કામના ? સુદર્શને, ઉદયાચલથી તે અસ્તાચલ સુધીનો સારો પ્રદેશ હુ રખડયો છુ, સપ્તદ્વીપમા પણ જે કાઇ દુર્લભ, સુન્દર, અચિન્ત્ય, મહાન્ છે તે સર્વ મે જોયુ છે. શુ જોઇએ છે તમારે, કો'ની ઇચ્છા કરોછો તમે ? કહો મને, મારી પાસેથી મળશે તેની વાર્તા.

ચિત્રાંગદા—

જેમની હુ ઇચ્છા કરૂ છુ તેમને ઓળખે છે ત્રણે ભુવન

અર્જુન—

એવો તે નર કોણ છે પૃથ્વી ઉપર ? કો'નો યશોરાશિ, અમરકાંક્ષિત તમારા મનોરાજ્યને વિષે દુર્લભ આસન પ્રાપ્ત કરી રહ્યા છે ? કહો મને તેનુ નામ, સાભળી કૃતાર્થ થાઉ.

ચિત્રાંગદા—

સર્વશ્રેષ્ઠ નરપતિકુલમા જન્મેલા છે, તે સર્વશ્રેષ્ઠ વીર

અર્જુન—

મિથ્યા ખ્યાતિ, એક મુખેથી બીજે મુખે, અને એક કાનેથી બીજે કાને પ્રસરે છે; ક્ષણજીવી તુષાર ઉષાને ઢાંકે છે, તે જ્યાં સુધી સૂર્યોદય ન થાય ત્યાં સુધીજ. હે સરલે, આ દુર્લભ સૌન્દર્યસંપદ્ મિથ્યા ઉપાસનામાં વેરો નહિ. કહો તો ખરાં, કોણ છે તે સર્વશ્રેષ્ઠ વીર, ધરણીના સર્વશ્રેષ્ઠ કુલનો ?

ચિત્રાંગદા—

પારકી કીર્તિ શે નથી સખાતી, હે સંન્યાસિ ! આ ભુવનમા કો'ને એ વાત અજાણી છે કે કુરુવંશ સર્વ રાજવંશનો મુકુટ છે ?

અર્જુન—

કુરુવંશ !

ચિત્રાંગદા—

તેજ વંશમાં એક છે અક્ષયકીર્તિ, વીરેન્દ્રકેસરી. નામ સાંભળ્યુ છે તેમનુ ?

અર્જુન—

બોલો, સાંભળું તમારે મુખે.

ચિત્રાંગદા—

અર્જુન, ગાંડીવધનુ, ભુવનવિજેતા. જગત્-

ના સમસ્ત નામભંડારમાંથી આ અક્ષય નામ ચોરી લઇ, જતન કરી, છુપાવી રાખી, મેં મારા કૌમાર હૃદયને ભરી દીધુ છે. બ્રહ્મચારિ, વ્યાકુલ કેમ દેખાઓ છો ? શુ એ મિથ્યા છે ? શુ મિથ્યા છે અર્જુન નામ ? કહો, આજ ક્ષણે; જો તે મિથ્યા હોય તો. હૃદય ભાગી તેને વેરી દઉ, એક મુખેથી બીજે મુખે, એક કાનેથી બીજે કાને ભલે તે ઉડતું રહે. નારીના અતરમા તેને સ્થાન નથી.

અર્જુન—

વરાંગને, તેજ અર્જુન, તેજ પાંડવ, તેજ ગાંડીવધનુ, તમારા ચરણનું શરણ પામવા ભાગ્યશાળી થયો છે. તેનું નામ, તેની ખ્યાતિ, તેનુ વીર્ય, મિથ્યા હો કે સત્ય હો, પણ જે દેવદુર્લભ લોકમા તેને સ્થાન દીધુ છે ત્યાથી તેને, હવે ના કરશો વિચ્યુત,—ક્ષીણપુણ્ય, હતભાગ્યસમ.

ચિત્રાંગદા—

તમે પાર્થ ?

અર્જુન—

હુંજ પાર્થ, દેવિ, તારા હૃદયદ્વારે પ્રેમાર્ત્ત અતિથિ.

ચિત્રાંગદા—

સાંભળ્યુ છે ને કે અર્જુન તો બાર વર્ષનું બ્રહ્મચર્ય પાળે છે. તેજ વીર વ્રત ભગ કરી કામિનીની કામના કરે છે! હે સન્યાસિ, તમે પાર્થ ?

અર્જુન—

મારૂ વ્રત તે ભાંગ્યુ છે,—ચન્દ્ર ઉદય પામી જેમ પલકમા રાત્રિની ગોગનિદ્રા-અધકાર ભાગી નાખે તેમ.

ચિત્રાંગદા—

ધિક્, પાર્થ, ધિક્! કોણ છુ હુ, શુ છે મારી પાસે, શુ દેખો છો તમે મારામાં, મને કોણ સમજો છો? કો'ને માટે ભૂલી જાઓ છો આપના સ્વરૂપને? એક ક્ષણમાં પ્રતિજ્ઞાનો ભગ કરી અર્જુનને કરો છો અનર્જુન, તે કો'ને માટે? મારે માટે તો નહિજ; આ બે નીલોત્પલ નયન માટે. આ નવનીતને લજવે એવા બાહુ-પાશમાં અર્જુન સપડાયા છે—સત્યનાં બન્ધન ત્યજી દઇ આ બાહુપાશ સ્વીકાર્યો છે તેમણે. અહા! ક્યા ગઇ પ્રેમની મર્યાદા? ક્યાં ગયુ તે નારીસન્માન? હાય, મારા ઉપર, મારા તુચ્છ દેહે, મારા અમર અતરાત્માના આ ક્ષણસ્થાયી

કપટવેશે વિજય મેળવ્યો ! આટલે વખતે જાણી શકી, અર્જુન, તમારી ખ્યાતિ અને તમારૂં વીરત્વ મિથ્યા છે.

અર્જુન—

ખ્યાતિ મિથ્યા છે, વીરત્વ મિથ્યા છે, તે મને પણ અત્યારે જણાય છે. આજ મને સપ્ત લોક સ્વપ્નસમ ભાસે છે. ફક્ત તુંજ એક પૂર્ણ છે, તું સર્વ છે, તું વિશ્વનુ ઐશ્વર્ય છે, એક નારી તું, સકલ દૈન્યનું મહત્ અવસાન છે, સકલ કર્મનું તું વિરતિસ્થાન છે. કેમ જાણે અકસ્માત્, તને નીરખીને, હુ સમજી શકયો છુ કે અન્ધકારના મહાર્ણવમાં, પ્રથમ પ્રભાતનું આનન્દકિરણ પ્રકટતાં, એક મુહૂર્તમાં સૃષ્ટિકમળનો વિકાસ ચોદિશ કેવી રીતે પ્રસરી રહ્યો હશે. બીજા સૌને, ગમે તો પળે પળે, અંશે અંશે, તો પણ બહુ દિવસેયે, પૂરા સમજી શકાય;—પણ તને મેં જોઇ ત્યારથી સમગ્ર તું મને નિરખવાની મળી છે છતાં તારો પાર પામી શકતો નથી.—કૈલાસશિખરપર એકવાર મધ્યાહ્ને, મૃગયાથી થાકેલો, તૃષા અને તાપથી પીડાયલો, હુ કુસુમચિત્રિત માનસસરને તીરે ગયો. તે દિવ્ય સરોવરના જલ તરફ નિહાળીને જોયુ, તો તે અનન્ત, અતલ જણાયુ જલ એવુ સ્વચ્છ

હતું કે તેનું તળીઉં દેખાય. મધ્યાહ્નરવિની રશ્મિરેખા, સુવર્ણનલિનીના સુવર્ણ મૃણાલ સાથે મળી જઈ, અગાધ અસીમમાં ડુબી જતી હતી, અને જલની લહરીમાંથી લક્ષકોટિ અગ્નિમયી નાગિણીઓ જેવી આમતેમ ડોલી રહેતી હતી. મનમાં એમ થયું કે જાણે ભગવાન્ સૂર્યદેવ પોતાની સહસ્ર અંગુલિથી નિર્દેશ કરી રહ્યા છે કે, જન્મશ્રાન્ત કર્મક્લાન્ત મર્ત્યલોકમાં, આજ છે સુન્દર, અનન્ત, શીતલ, અન્તિમ વિરામસ્થાન. —એ સ્વચ્છ અતલતા મેં જોઇ છે તારામાં. ચોદિશથી દેવની અંગુલિ મને નિર્દેશ કરે છે કે આજ તારો અલૌકિક પ્રકાશ છે કીર્તિક્લિષ્ટ જીવનનું સમર્પણસ્થાન.

ચિત્રાંગદા—

આ, હું નથી, હું નથી, પાર્થ ! હાય, આ તો કોઇ દેવની છલના છે. જાઓ, જાઓ, પાછા ફરો, પાછા ફરો, વીર. મિથ્યાની ન કરો ઉપાસના. તમારૂં શૌર્ય, વીર્ય, મહત્ત્વ, મિથ્યા વસ્તુને પદે, ન ધરો. જાઓ, પાછા ફરો.

તરૂ તળે.

ચિત્રાંગદા.

ચિત્રાંગદા—

હાય, હાય, શુ તે પાછી વાળી શકાય ?—તે વીરહૃદયની થરથરતી વ્યાકુળતા,—તૃષ્ણાર્ત્ત, કમ્પિત, તનખા ઉરાડતી હોમાગ્નિ શિખાના જેવી ! અંતર્‌ના બાહુ થઇ જાણે, તે દષ્ટિ, મને ઝડપી લે છે. તે ઉત્તપ્ત હૃદય સર્વાંગ તોડી નાખી બહાર નીકળી પડે છે, અને તેનો ક્રૂન્દન-ધ્વનિ અગેઅગ મભળાય છે, જાણે ! આવી એ તૃષ્ણા તે શુ પાછી વાળી શકું ?

(વસન્ત અને મદન પ્રવેશ કરે છે).

અનગદેવ, આ કયા રૂપહુતાશનમા વીંટો છો મને, કે બળુ છુ, અને બાળુ છુ.

મદન—

કહે, તન્વિ, ગઇ રાત્રે શુ બન્યુ ? મેં છોડેલા

પુષ્પશરે શુ શું કાર્ય સાધ્યું તે સાંભળવાની ઇચ્છા છે.

ચિત્રાંગદા—

કાલ સન્ધ્યાકાળે, સરોવરના તૃણપુંજતીરે, વસન્તના પુષ્પો પાથરી મેં એક શય્યા રચી. થાકેલી હુ, મારૂ અવસન્ન શિર મારા ડાબા હાથ ઉપર ટેકવી, સુતી; તે દિવસે જે બન્યુ હતું તેનો હુ વિચાર કરતી હતી,—અર્જુનને મુખે મેં જે સ્તુતિ સાભળી હતી, તથા તેને જે અયોગ્ય વચન મેં કહ્યા હતા તેનુ સ્મરણ કરતી હતી; એકલી સુતી સુતી, સારો દિવસ સચેલા અમૃતમાથી ટીપુ ટીપુ લઇ પાન કરતી હતી; મારો પૂર્વ ઇતિહાસ, મારા પૂર્વજન્મની કથા પ્રમાણે હુ ભૂલતી હતી. મનમા એમ થયુ કે, હુ રાજકન્યા નથી; મારે કાઇ પૂર્વાપર નથી; હુ આ અવનિપર એકાએક ઉગી નીકળેલુ અરણ્યનું પિતૃમાતૃહીન પુષ્પ છુ,—માત્ર એક પ્રભાતપૂરૂં આયુષ્ય, તેટલામા ભ્રમરનો ગુંજારવ અને વનાન્તનો આનન્દમર્મર સાભળી લેવો પડશે, અને તરતજ નીલ આકાશ તરફથી દૃષ્ટિ વાળી લઇ, શિર નમાવી, વાયુના એક સ્પર્શની સાથે, એક આસુ પણ સાર્યા વિના, ખરી જઇ, ધૂળમા રોળાઇશ, અને એટલી અવધિ·

માં આદિઅન્તવિહીન મારી કુસુમકથા સમાપ્ત થશે.

વસન્ત—

એક પ્રભાતમા તો અનન્ત જીવન પ્રકટે, ઓ સુન્દરિ !

મદન—

સગીતના એક અલ્પ આલાપમાં, જેમ અનન્ત કથા રણકી ઉઠે. વારૂ, આગળ ચલાવ.

ચિત્રાંગદા—

દક્ષિણનો પવન અગેઅગપર નિદ્રાની લહરીઓ અફાળતો હતો; સપ્તપર્ણ વૃક્ષની શાખા ઉપરથી પ્રફુલ્લ માલતીલતા મારા ગૌર તનુ ઉપર ટપ ટપ પુષ્પો વેરી નિ શબ્દ ચુમ્બન વર્ષાવતી હતી, પુષ્પો કેટલાક વાળમાં, કેટલાંક ચરણ આગળ, કેટલાંક સ્તનતટે, પોતાની મરણશય્યા બિછાવતાં હતા.

કેટલીક ક્ષણ તો અચેત વહી ગઇ. અહિં ક્યારે હુ નિદ્રાવશ થઇ તે મને ખબર નથી.

મને લાગ્યું કે કોઇ મુગ્ધ દષ્ટિ, દશ આંગળીઓ-થી જાણે, મારા નિદ્રાલસ તનુને, તીવ્ર લાલસા-થી સ્પર્શે કરે છે. ચમકીને હુ જાગી ઉઠી.

જોયુ તો, પેલા સન્યાસી મારા ચરણ આગળ નિશ્ચેષ્ટ ઉભા રહ્યા છે, મારી સ્થિર પ્રતિમૂર્તિ જેવા. પૂર્વાચલ ઉપરથી ધીમે ધીમે સરી જઇ પશ્ચિમે ઢળતો બારશનો ચન્દ્રમા, પોતાના સર્વે હિમ-કિરણો, મ્હારા સ્ખલિતવસ્ત્ર, નવપ્રફુલ્લ, શુભ્ર સૌદર્ય ઉપર ઢાળી રહ્યો હતો. તરૂતલ પુષ્પની સુગન્ધે મ્હેકી રહ્યુ હતું; તમરાઓના અવાજમાં રાત્રિ નિદ્રામગ્ન હતી, સ્વચ્છ સરોવરજલમાં ચન્દ્રકિરણબિમ્બ જાણે ચોંટી રહ્યા હતા. પવન નિશ્ચલ હતો, જ્યોત્સ્નાનો ભર પ્રકાશ છતા, પોતાના પલ્લવોમા વ્યાપી રહેલા ઢગલે ઢગલા મેશ જેવા ચીકણા અધકારનો ભાર શિરે લઇ અટવી જાણે સ્તબ્ધ થઇ ગઇ હતી. પેલા દડધારી બ્રહ્મ-ચારી પણ, ત્યાં, દીર્ઘકાય વનવૃક્ષસમા, જાણે મારા છાયાસહચર જેવા, ચિત્રાર્પિત ઉભા હતા. નિદ્રા-ભગ થતા ચોદિશ જોયુ તો એમ લાગ્યુ કે, જાણે કોઇ વિસ્મૃત પ્રદેશે મારા આ જીવનનો લય થઇ, મને કોઇ અદ્ભુત નિદ્રાલોકમા, જન-શૂન્ય, નિર્જ્યોત્સ્ન વૈતરણીતીરે, સ્વપ્નજન્મ પ્રાપ્ત થયો છે. ઉઠીને હુ ઉભી થઇ. મિથ્યા શરમ,

સંકોચ, ઢીલાં વસ્ત્ર શાં, ચરણુ આગળ સરી પડયાં. "પ્રિયે, પ્રિયતમે!" શબ્દ મારે કાને પડયા. આ ગભીર સમ્બોધન સાથે એક દેહમાં જન્મો-જન્મની સ્મૃતિ જાગી ઉઠી. હુ બોલી, "લ્યો, લ્યો, મારૂ સર્વસ્વ લ્યો, મારા જીવનવલ્લભ." મારા બન્ને બાહુ તેમને વધાવી લેવાને પહોળા કર્યા. વનવૃક્ષઘટામા ચન્દ્ર ડૂબી ગયો. પૃથ્વી ઉપર અન્ધકારનો પડદો પડયો. સ્વર્ગ અને મર્ત્ય, દેશ અને કાલ, દુખ અને સુખ, જીવન અને મરણ, અસહ્ય આનન્દસમોહમાં અચેત થઇ ગયાં. પ્રભાતનુ પ્રથમ કિરણ ફૂટતા, પક્ષીનુ પ્રથમ સગીત સભળાતાં, ધીરે ધીરે ઉઠી, મારી શય્યા પર, ડાબા હાથનો ટેકો દઇ, હુ બેઠી. જોયુ તો વીરવર નિરાતે મીઠી નિદ્રા લેતા હતા. એમના ઓષ્ઠ ઉપર પ્રભાતની ચન્દ્રકળા સમુ મન્દ સ્મિત ફરકી રહ્યું હતું—રજનીના આનન્દનો શીર્ણ અવશેષ જાણે. એમના ઉન્નત લલાટપટે અરુણનો પ્રકાશ પડયો; મર્ત્યલોકમાં જાણે નવા ઉદયાચલ પર નવકીર્તિસૂર્યોદયનો પ્રકાશ થશે. નિશ્વાસ નાંખી શય્યા તજી ઉઠી, એમના મુખ ઉપર પડતાં રવિકિરણની આડે, ધીરે રહીને, માલતીલતાગુચ્છનો પડદો રચ્યો.—ચોદિશ જોયુ તો પૂર્વપરિચિત પૃથ્વી તેની તેજ હતી. મારી

સ્થિતિનું મને તરતજ સ્મરણ થઇ આવ્યું, અને પોતાની છાયાથી ભયભીત થઇ નાસતી હરિણીના જેવી હું, પ્રભાતના શેફાલી પુષ્પથી ઢંકાયલી વનસ્થલી ઉપર થઇ, દોડી. નિર્જન લતામંડપ નીચે બેસી, બને કરવડે મુખ ઢાંકી, રોવાની ઇચ્છા કરી, પણ આસુ ન આવ્યાં.

મદન—

હાય, માનવનન્દિનિ, સ્વર્ગના સુખનો એક દિવસ લઈ, તેના આનન્દ વડે, ધરણીની એક રાત્રિ ભરી, તારા અધર આગળ પ્રયત્ને મેં ધરી; રતિચુમ્બિત, નન્દનવનગન્ધથી મોદિત–મધુર શચીના પ્રસાદામૃતનુ મેં તને પાન કરાવ્યુ, તોયે આ રુદન !

ચિત્રાંગદા—

પણ, દેવ, કો'ને કરાવ્યુ પાન ? કો'ની મટાડી તૃષા ? પેલુ ચુમ્બન, પેલો પ્રેમસગમ, જે મારા અગમા વ્યાપી, આ ક્ષણે વીણાના ઝકારસમ કપી ઉઠ્યા છે, તે તો મારાં નથી. બહુ કાલની સાધના વડે માત્ર એક પલક માટે મળેલુ એ પ્રથમ મિલન કોઇએ મને છેતરી, મારી પાસેથી છીનવી લીધુ ! મારૂં આ માયા-લાવણ્ય, અતિ પ્રફુલ્લ પુષ્પની પાખડીઓની

માફક, એ ચિરદુર્લભ મિલનની સુખ-સ્મૃતિ સાથે, ખરી પડશે. અંતરની દરિદ્ર આ સ્ત્રી અહર્નિશ દેહનીએ દરિદ્ર થઇ બેસશે. મકરધ્વજ, આ તો આપે મને કોઇ દુષ્ટ રાક્ષસીની સાથે તેની છાયાની માફક, તેની અગસહચરી કરી, જડી લીધી છે — શો જુલમ ! સતત તૃષ્ણાતુર, લોલુપ ઓષ્ઠને જે ચુમ્બન પ્રાપ્ત થયા તેનુ તો તે પાન કરી ગઇ. તેમનો પ્રેમદષ્ટિપાત એવો સચોટ છે કે, જ્યા તે પડે છે ત્યાં તે જાણે વાસનાની રગિત ચિહ્નરેખા આંકે છે,—સારી રાત તપસ્યા કરી રહેલા કૌમાર હૃદયપદ્મ ઉપર તે દષ્ટિ રવિકિરણ શી પડી. તેને પણ તે રાક્ષસીએ ભુલાવી, પોતે લઇ લીધી.

મદન—

ગઇ રાત તારી વ્યર્થ ગઇ ! તારૂ આશાનું હોડકું લગભગ કિનારે આવેલુ, શુ માત્ર તરગ આઘાતે પાછુ ઠેલાયુ ?

ચિત્રાંગદા—

ગઈ રાત્રે તો મનમાં કશુય નહતુ, દેવ ! સુખસ્વર્ગ એટલુ બધુ પાસે આવી ગયેલુ જણાયુ કે આત્મવિસ્મરણના સુખમાં, તે મને પ્રાપ્ત થયુ છે કે નહિ તેની મેં ગણના ન કરી. આજ

પ્રભાતમા તો નિરાશા અને ધિક્કારના આઘાતે, હૃદયના મર્મમર્મ તુટતા હતા. રાતની કથા એક પછી એક સાભરી આવે છે, અને તેની ચેતના વિદ્યુત્વેદના ઉપજાવી, અન્તર્મા અને બહાર મારી સપત્નીરૂપ બને છે, અને તે હુ ભૂલી શકતી નથી. મારી કાયા પણ જાણે મારી સપત્ની થઇ છે. પ્રતિદિવસ તે સપત્નીને સ્વહસ્તે સજાવીને મારૂ આકાક્ષાતીર્થ, જે વાસરશય્યા, ત્યા મારે મોકલવી પડશે, સતત તેની સાથે રહી, આખ મીંચી, તેનો આદર થતો પ્રતિક્ષણ જોવો પડશે. હાય, બાહ્ય સોહાગથી અતર્ બડકે બળે એવો શાપ તે નરલોકમાં કો'ને ચોટયો હશે ? હે અનગ, પાછુ લ્યો આપનુ વરદાન.

મદન—

જો પાછુ લઉ તો, છલનાનુ આવરણ ખસી જતા કુસુમપલ્લવહીન, હેમન્તની હિમ-શીર્ણલતા જેવી તું, અર્જુન સમક્ષ શુ મ્હો લઇ ઉભી રહેશે ? પ્રથમ આનન્દનો જરા ઘુટડો પાઇ, તેના મુખ આગળથી સુધાપાત્ર ખેંચી લઇ, ચૂરી નાખીશ તો તે કેવા આઘાતથી ચમકી ઉઠશે, તારા તરફ તે કેટલા ક્રોધથી ઉછળશે ?

ચિત્રાંગદા—

દેવ, ભલે તેમ થતું! આ **કપટવેશધારી** હું કરતાં તો તે **વેશ વિનાની** હું શતગણી શ્રેષ્ઠ છુ. હુ મારા અસલ રૂપમાં તેમની આગળ પ્રકટ થઇશ; પછી જો તેમને ઠીક ન લાગે અને તિરસ્કારપૂર્વક મને તજી તે ચાલ્યા જાય, અને મારી છાતી ફાટી મારૂં મરણ થાય તો પણ હુ તો હું રહીશ. ઇન્દ્રસખા, એવી સ્થિતિ પણ કાંઇ ખોટી નથી.

વસન્ત—

મારી વાત તો સાભળ. ફૂલ પૂરા ફુટી રહ્યા પછીજ ફળ નિપજે છે. યથાકાળે, તાપ-ક્લિષ્ટ તારા લાવણ્યની પાખડી આપોઆપ ખરી પડશે ત્યારે તું તારા ખરા ગૌરવમા પ્રકટ થઇશ; પછી તને નીરખીને અર્જુન જાણે પોતાને નૂતન સૌભાગ્ય પ્રાપ્ત થયુ એમ માનશે. બેટા, જા પાછી, તારો યૌવનઉત્સવ મ્હાલવા!

અર્જુન અને ચિત્રાંગદા.

ચિત્રાંગદા—

શું જોઇ રહ્યા છો, વીર ?

અર્જુન—

પુષ્પવૃન્ત લઇ કુંળી અંગુલિથી તું માળા ગુથી રહી છે તે જોઉ છું; કળા અને ચારૂતા, એ બ્હેનની જોડલી, જાણે, હરઘડી, ચચળ ઉલ્લાસમા, તારી અંગુલિના ટેરવાં ઉપર, લીલા કરી રહી છે. જોઉછું, અને મને કંઇક વિચાર થાય છે

ચિત્રાંગદા—

શો વિચાર થાય છે ?

અર્જુન—

મને એમ વિચાર થાય છે, પ્રિયે, કે તું એવીજ સુન્દર રીતે તારા હળવા હાથે, મારા પર્યટનના દિવસો, તારા સુધામય સ્પર્શના રસે સરસ કરી, તેની પણ એક એવીજ માળા

ગુંથશે; અને તે અમર આનંદમાળા કંઠે ધરી હુ પાછો ગૃહે સચરીશ.

ચિત્રાંગદા—

આ પ્રેમને ગૃહ ખરૂ ?

અર્જુન—

ગૃહ નથી ત્યારે ?

ચિત્રાંગદા—

નથીજ. ગૃહે લઈ જશો ? ગૃહની તો વાતજ મા કરો. ચિરસ્થાયી વસ્તુ માટેજ ગૃહ હોય, જે કાઇ ચિરસ્થાયી હોય તેનેજ આપ ગૃહે લઇ જજો. વનકુસુમ જ્યારે સુકાશે ત્યારે ગૃહમાં તેની અવગણના કરી, ક્યાંયે પાષાણ-ભૂમિ ઉપર ફે કી દેશો ! તેના કરતાં તો અરણ્યના અતઃપુરમા,—જ્યા નિત્ય નિત્ય કુસુમાકુરો કરમાય છે, પત્રો પડે છે, કેશર ખરે છે, કુસુમદલ વિખરાય છે, અને ક્ષણે ક્ષણે જ્યા કેટલાએ એવાં ક્ષણિક જીવનો તુટે છે, જ્યાં આવાં અનેક અનેક સુખની સમાપ્તિ થાય છે ત્યાં,—દિનાન્તે મારી લીલા સમાપ્ત થયે, હુ ખરી જઇશ. ત્યા કોઇને, કોઇ માટે, ખેદ થશે નહિ.

અર્જુન—

બસ, એમજ ?

ચિત્રાંગદા—

હા એમજ. નહિ તો બીજુ શુ ? વીરવર, એમાં દુ:ખ શાને ? આલસ્યના સમયમાં જે સારૂ લાગે તેને, તેને આલસ્યના સમયમાજ ઉપભોગ કરી લઇ, તજી દેવુ. *સુખને જે દ્વારથી વિદાય કરવાનુ છે તે દ્વાર બંધ કરી તેને પૂરી રાખીએ તો પલકમા તે દુ ખમા પલટાય છે. જે છે તેજ લો; જેટલી ક્ષણુ છે તેટલી ક્ષણુ રાખો. કામનાના ઉદયકાળે જે કાંઇ પ્રાપ્ત થયું હોય, તેનાથી વિશેષ-ની, તૃપ્તિના અવસાનકાળે આશા કરો નહિ.

દિવસ જતો રહ્યો. ધારણુ કરો આ માળા આપને કંઠે. હું થાકી છુ. ખેચી લો મને આપના બાહુમા, વીર ! આપણા અધરના સુખ-સ-મિલનમા મિથ્યા અસતોષ ગળી જઇ, શાન્તિ પ્રસરો. આવો, પ્રણુયથી સુધામય ચિર-પરાજય પામી, આપણે બને એકમેકના બાહુબન્ધમા બન્દી થઇએ.

અર્જુન—

પણુ સાભળ, વ્હાલી, વનાન્તની પાર દૂર દેવાલયમા આરતિના શાન્તિશખ વાગી ઉઠયા.

મદન અને વસન્ત.

મદન—

હું પંચશર છું, મિત્ર, મારા એક શરે છે હાસ્ય; એક શરે છે અશ્રુ; એક શરે છે આશા, એક શરે છે ભય; અને એક શરે છે વિરહ, મિલન, આશા, ભય, દુઃખ, સુખ,—એક સાથે લાગ્યાં.

વસન્ત—

હું થાકયો છું, મને જરા ઠરવા દે. હે અનંગ, તારા રણરંગને સાંગોપાંગ ઉતાર. તેં પ્રકટાવેલો અગ્નિ મેં રાત દિવસ સચેત રાખ્યો, હવે કેટલો કાળ હું પંખો નાખ્યા કરીશ? મહીં મહીં નિદ્રા મારી આંખો ઘેરે છે, પંખો પડી જાય છે, અને અગ્નિ-પ્રકાશ ઉપર ભસ્મ છવરાઈ જાય છે. ચમકીને જાગી પાછો એને ફુંકી હું જાગ્રત કરૂં છું. હવે તો મને વિદાય દે.

મદન—

હું જાણું છુજ કે તું નિત્ય અસ્થિર છે—સદાય નાદાન. નિત્ય તું છુટે દોરે પૃથ્વી અને સ્વર્ગ ઉપર તારી લીલા કરી રહ્યો છે. અત્યત શ્રમ લઇ અને બહુ કાલક્ષેપ કરી તું જે સુદર કૃતિ ઘડે છે તેને પલકમા ધૂળ મેળવતા, તું પાછુ ફરી જોતો નથી. પણ હવે વધારે દિવસ રહ્યા નથી. આનન્દચંચળ દિવસો તારી પાખના સુસવાટે શુષ્ક પર્ણવત્ ચપ ચપ ઉડી જાય છે. હર્ષ-અચેતન વર્ષ પૂરૂ થવા આવ્યુ છે.

અરણ્યમાં.

અર્જુન.

અર્જુન—

પ્રભાતે નિદ્રામુક્ત થતાં મને લાગ્યુ કે ગઈ રાતનાં સ્વપ્નોના અર્કરૂપ એક અમૂલ્ય રત્ન મને પ્રાપ્ત થયુ છે. તે રત્નને રાખવાનું, આ પાર્થિવ મૃત્તિકામાં સ્થાન નથી; તેને જેમા જડી રખાય એવું કિરીટ નથી, જેમાં તેને પરોવી રખાય એવુ સૂત્ર નથી, છતા* તેને તજવાની મારામા હામ નથી. અહર્નિશ તેના ગ્રહણુમાંજ રોકાયલો મારો ક્ષત્રિયબાહુ કર્તવ્ય વિમુખ થઇ રહ્યો છે.

(ચિત્રાંગદા પ્રવેશ કરે છે)

ચિત્રાંગદા—

શો વિચાર કરો છો ?

અર્જુન—

આજે મારા મનમાં મૃગયાના વિચાર ઘોળાય છે. જોને ડુંગરાઓ ઉપર વર્ષાદ કેવો ધોધમાર વર્ષી રહ્યો છે. અરણ્ય ઉપર ઘનઘોર છાયા ઝઝૂમી રહી છે. મસ્ત ઝરણું, પોતાના ઘૂઘવાટથી જાણે સીમાબન્ધોનો ઉપહાસ કરતું, તેમને તોડી, ઉછળતું ધસ્યું જાય છે. યાદ આવે છે કે, આવા વર્ષાના દિવસોમા અમે પાચે ભાઇઓ ચિત્રક વનમાં શિકારે જતા. વાદળ-ની ઘટાના સ્નિગ્ધ અંધકારમાં સારો દિવસ અમે ઉલ્લાસમા ગાળતા, મેઘની મહાગર્જના સાથે અમારાં હૃદય નાચી રહેતાં; ઝરમર ઝરમર ટપકતા વર્ષાદને લીધે, અને ઝરણાના કલરવને લીધે મૃગલાઓને અમારો સાવધાન પગરવ સભ-ળાતો નહિ, પથપક પર પોતાની નખચિન્હરેખા મૂકી જઇ, ચિત્તાઓ તેમની ગુહાનો અમને પત્તો દઇ જતા; વનભૂમિ કેકારવથી ગાજી રહેતી; મૃગયા પૂરી થયે, વર્ષાના સૌભાગ્યગર્વથી ઉભ-રાઇ જતી નદી તરી જવાની અમે પાચે શરત બકતા. આવા શિકારે જવાનો મને ચળવળાટ થાય છે.

ચિત્રાંગદા—

હે શિકારી, જે શિકારનો આરમ્ભ કર્યો છે

તેને તો પ્રથમ પૂરો થવા દો. શુ આપને ખાતરી છે કે આ સુવર્ણ માયામૃગી આપના હાથમાં પુરેપુરી આવી ગઈ? નહિ, તેમ નથી હો! એ વન્ય હરિણી પોતાને કબજે રાખી શકતી નથી. ચકિત થયેલી તે કોણ જાણે ક્યારે સ્વપ્નવત્ છટકી જાય છે. એકાદ ક્ષણની લીલા એ સહી શકે, ચિરકાળના બન્ધન વહી શકે નહિ. જુઓની, વાયુ અને વૃષ્ટિની કેવી લીલા મચી રહી છે,—ગાડો વર્ષાદ પવનની પાછળ પલકમાં હજારો તીર ફેંકે છે. છતા તે મસ્તાનો મૃગ છકયો છકયો, અક્ષત, અજિત ધસ્યો જાય છે,—મારી અને તમારી લીલા, પણ, નાથ, આવીજ છે, આજ વર્ષાના દિવસે,—ચપળાનો શિકાર પ્રાણ અકારા કરીને કરશો, તમારા ભાથામા જેટલા શર છે, તમારી પાસે જેટલા અસ્ત્ર છે, તે એક સામટા વર્ષાવશો. કદી અંધકાર સાથે પ્રકાશના ચમકારા ભળશે, ઝરમર વર્ષતા મેહની સાથે કદી વીજળીના કડાકા ધડાકા થશે. તોય માયામૃગી તો મેઘાચ્છન્ન જગત્ મહી નિરતર નિરકુશ દોડતી રહેશે.

મદન અને ચિત્રાંગદા.

ચિત્રાંગદા—

હે મન્મથ, નથી જણાતું, આપે મારી રગેરગમા શુ પૂરી દીધુ છે ? મારા લોહીમા મળી જઇ, જક્ષદ મદિરાની માફક, તેણે મને ઉન્મત્ત કરી મૂકી છે. ગતિગર્વથી મત્ત થયેલી મૃગી હુ મુક્તકેશે, ઉચ્છૃંખલ વેશે, આખી પૃથ્વી ઉપર દોડાદોડ કરી રહી છુ; ધનુર્ધર ધનશ્યામ, મારા શિકારીને થકવી નાખી તેમની આશા હતપ્રાય કરી છે, અને તેમને માર્ગે માર્ગે, વને વને, ભટકાવી રહી છુ વિજયના નિર્દય આનન્દમા, કૌતુકથી હાસ્ય કરૂ છુ. આ રગનો ભગ થવાનો મને ભય થાય છે, અને ક્ષણવાર સ્થિર થાઉં છુ તો, હૃદય આંસુથી ભરાઇ ફાટુ ફાટુ કરી રહે છે.

મદન—

રહે રહે, હવે. એ રગનો ભગ કરીશ મા.

એ રંગતો મ મચાવ્યો છે. છુટે બાણુ અને તુટે પ્રાણુ. આજ નવીન વર્ષામા, અરણ્ય મહીં મારી મૃગયા મચી છે. અરે, એને થકવી નાખ, થકવી, બનાવ એને ચરણુપતિત; બાધ એને દૃઢપાશમા, એની ઉપર દયા કર મા; હસતા હસતા એને ઢીલો કરી નાંખ; અમૃતમય વિષ પાયેલા તીક્ષ્ણુ વાગ્બાણુ છોડ એના હૃદય પર; શિકારમા ન હોય દયાને સ્થાન.

અર્જુન અને ચિત્રાંગદા.

અર્જુન—

કોઇ ભવન નથી તારૂં, પ્રિયે, જ્યાં વિરહ-દુઃખે તારાં પ્રિય પરિજન કલ્પાંત કરી રહ્યાં હોય, નિત્ય સ્નેહ–સેવાથી સુધામય કરી રાખેલી જે આનન્દપુરીનો પ્રદીપ તારા અરણ્યમાં આવી રહેવાથી હોલાઇ ગયો હોય, તારાં બાળપણનાં સ્મરણાં જે સ્થાને રુદન કરતાં પહોંચે એવુ સ્થાન નથી કોઇ ?

ચિત્રાંગદા—

આ પ્રશ્ન શા ? શુ ત્યારે મોજ માણી રહ્યા ? તમે દેખો છો તેજ હું છુ. તેથી વિશેષ પરિચય આપુ એમ નથી. પ્રભાતે કિંશુકપલ્લવની અણી ઉપર જે હિમબિન્દુ લટકી રહે છે તેને કાંઇ નામઠામ હોય છે ? તેને પૂછો તો કાંઇ ઉત્તર દેશે ? તમે જેને ચ્હાઓ છો તે પણ એવીજ એક હિમકણિકા છે—નામઠામ વિનાની.

અર્જુન—

પૃથ્વી ઉપર એને કાંઇ બંધન નથી ? શુ પૃથ્વી ઉપર ભૂલુ પડેલુ એક સ્વર્ગબિન્દુ માત્ર છે એ ?

ચિત્રાંગદા—

હા, હા. માત્ર પલકવારજ અરણ્યના કુસુમને એ પોતાની ઉજજ્વલતા અર્પે છે.

અર્જુન—

તેથીજ, 'તું ખોવાઇ ખોવાઇ' એમ, પ્રાણ સદા પુકારી રહ્યા છે. નથી થતી તૃપ્તિ કે નથી વળતી શાન્તિ. સુદુર્લભે, આવ, મારી લગોલગ આવ. નામ, ધામ, ગોત્ર, ગૃહ, દેહ, મન, વાચા જેવા સહસ્ર માનવ બંધનોમા, બધા તુંયે. અંગે અગ તારો મને સ્પર્શ થાય અને અખંડ નિર્ભયતામા હુ વાસ કરૂ એવું કાઇ કર. તારે નામ નથી ? ત્યારે હૃદયમદિર મહીં કયા પ્રેમમન્ત્રે તારા જાપ જપીશ ? ગોત્ર નથી ? ત્યારે કયા મૃણાલે આ કમળ પકડી રાખીશ ?

ચિત્રાંગદા—

ના, નથી, નથી—જેને બાંધવા ઇચ્છો છો તે ક્યાંય બધન જાણતી નથી. તે કેવળ

મેઘની સુવર્ણપ્રભારૂપ, કુસુમની ગંધરૂપ, તરંગની લીલારૂપ છે.

અર્જુન—

આવાંને જે ચ્હાય તે તો અભાગીજ હોય ! પ્રિયે, ધરો મા પ્રેમીને આકાશકુસુમ. સુખમા તેમ દુઃખમાં, સારે તેમ નરસે દિવસે છાતી સરસુ ચાંપી રખાય એવું કાંઇ ધન તેને આપો.

ચિત્રાંગદા—

હજી વર્ષ તો પૂરૂ થયું નથી એટલામાંજ કંટાળ્યા ? હાય હાય, હમણાંજ હું સમજી કે પુષ્પનુ સ્વલ્પ આયુષ્ય તે દેવનો આશીર્વાદજ છે. ગત વસન્તનાં પુષ્પ સાથે આ મોહનતનુ ખરી પડ્યું હોત તો તેનું મરણ ધન્ય થાત. વધુ દિવસ નથી રહ્યા, પાર્થ ! જે કાંઇ રહ્યા છે તેટલા દિવસમાં તમારી તૃષા તૃપ્ત કરી આનન્દ-મધુ ધરાઇ ધરાઇ પી લો. પછી પેલો મધુ-તરસ્યો ભમરો કાલ સાંજે આપણે ચુંટી લીધેલા માધવી પુષ્પની આશે આશે ભમતો હતો તેમ ફરીફરીને મારી સ્મૃતિની માયાજાળમાં વારવાર આવશો નહિ.

વનવાસીઓ અને અર્જુન.

વનવાસી—

હાય હાય અમારૂં કોણ રક્ષણ કરશે ?

અર્જુન—

કેમ, શું છે ?

વનવાસી—

ઉત્તરના પ્હાડોમાંથી ચોરોનાં ધાડેધાડાં ચોમાસાના જલધોધ પ્રમાણે ગામનો નાશ કરવા તુટી પડ્યાં છે.

અર્જુન—

આ રાજ્યમાં કોઇ રક્ષક નથી ?

વનવાસી—

રાજકુમારી ચિત્રાંગદા દુષ્ટોનું દમન હતાં. તેમના ત્રાસને લીધે યમભય સિવાય રાજ્યમાં બીજો કોઇ ભય નહતો. સાંભળ્યું છે કે તે તો અજ્ઞાત ભ્રમણવ્રત લઇ તીર્થપર્યટને ગયાં છે.

અર્જુન—

ત્યારે શુ આ રાજ્યનો રક્ષક કોઇ રમણી છે ?

વનવાસી—

એક દેહે તે, અનુરક્ત પ્રજાજનના માતા કૂહો તો માતા અને પિતા કૂહો તો પિતા, બન્ને છે, સ્નેહમાં તે રાજમાતા અને શૌર્યમાં યુવરાજ છે.

(જાય છે)

(ચિત્રાંગદા પ્રવેશ કરે છે)

ચિત્રાંગદા—

શો વિચાર કરો છો, નાથ ?

અર્જુન—

રાજકન્યા ચિત્રાંગદા કેવાં હશે તેનો વિચાર કરૂં છુ. દરરોજ અનેક મુખે તેમની નવી નવી અપૂર્વ વાતો સાભળું છુ.

ચિત્રાંગદા—

અરે, એ તો કુત્સિત, કુરૂપ છે. આવી વક્ર ભ્રુકુટિ નથી તેની, તેમ નથી તેની કીકી આવી કાળી કામણગારી. તેના કઠિન સબળ બાહુને ગમે તે લક્ષ્ય વીંધતાં આવડે છે, પણ

નથી આવડતું તેને આવા સુકોમલ નાગપાશમાં વીર હૃદયને બાંધતા.

અર્જુન—

પરતુ મેં તો સાંભળ્યુ છે કે સ્નેહમા તે સ્રી છે અને શૌર્યમા તે પુરુષ છે.

ચિત્રાંગદા—

અરેરે, એજ તેનુ મન્દભાગ્ય છે. સ્રી જ્યારે કેવળ સ્રી હોય; કેવળ ધરણીની શોભા-રૂપ, કેવળ પ્રકાશરૂપ, કેવળ સ્નેહરૂપ હોય; અનેક સુમધુર વિભ્રમ અને નાના પ્રકારનાં લાડ કરતી, ક્ષણે ક્ષણે, ઢળે, વળગે, વીંટળાય, હસે, રડે, સેવા અને સ્નેહની શીળી છાંય છાઈ સદાય જોઇ રૂહે તોજ તેનો જન્મ સાર્થક છે. તેને કીર્તિ, વીર્ય, પાંડિત્ય શા ખપનાં છે? હે પૌરવ, આજ વનમાર્ગ પાસે, આજ પૂર્ણાતીરે, એજ દેવાલયમાં તમે તેને કાલે જોઈ હોત તો, હસીને ચાલ્યા જાત. હાય હાય, સ્રીના સૌન્દર્ય ઉપર, આજ એટલી બધી અરુચિ થઇ ગઇ છે કે સ્રીમા પૌરુષનો સ્વાદ શોધવા નીકળ્યા છો!

આવો નાથ, જુઓ પર્વતની ગુહા આગળ પેલી ઘટ્ટ છાયા; ત્યા ઝરણાંનાં શીકરથી ભીંજવેલી કંઇક પીળી, કંઇક શ્યામવર્ણી, કુળી કુંળી કુંપળોની

મેં આપણે માટે મધ્યાહ્નશય્યા બિછાવી રાખી છે. ગાઢ પલ્લવની છાયામાં બેસી, કપોત કલાન્ત કંઠે આર્ત સ્વર કરે છેઃ "વેળા જાય છે," "વેળા જાય છે." ત્યાં, પાસે થઇને વહી જતી નદીનો ખળખળાટ સંભળાઈ રહ્યો છે. શિલાના પડેપડ ઉપરની સરસ, સુસ્નિગ્ધ, જલાર્દ્ર, શ્યામલ શેવાલ કોમળ અધર વડે નયનને ચુંબન કરે છે. ચાલો નાથ, તે વિરલ વિરામસ્થાને.

અર્જુન—

આજ નહિ પ્રિયે.

ચિત્રાંગદા—

કેમ વ્હાલા ?

અર્જુન—

સાંભળ્યું છે કે ગામનો નાશ કરવા ચોરનું ધાડું આવ્યું છે. ભયભીત જનોની વ્હારે ધાઇશ હું તો.

ચિત્રાંગદા—

તેની ચિંતા કરવા જેવું નથી, પ્રભુ. તીર્થયાત્રાએ જતી વખતે રાજકુમારી ચિત્રાગદા બધી દિશાએ હોશિયાર પહેરેગીરો બેસારી ગઇ છે. ભયના સર્વ માર્ગ, બહુ વિચાર કરી પ્રથમથીજ બંધ કરી ગઇ છે.

અર્જુન—

તોય કરો, પ્રિયે, આજ્ઞા. એક ઘડીમાં મારૂં કર્તવ્ય બજાવી હું પાછો વળીશ. આ ક્ષાત્રયબાહુ બહુ દિવસ થયાં આળસુ પડયા રહ્યા છે. સુમધ્યમે, ક્ષીણકીર્તિ એ ભુજદ્વયને પુનઃ નવીન ગૌરવથી શોભાવી તારા મસ્તક નીચે જતન કરી રાખીશ; ત્યારેજ થશે તે તારે યોગ્ય ઉપધાન.

ચિત્રાંગદા—

ન જવા દઉં તો? બાંધી રાખું તો? ભુજબંધ તોડીને જશો? જાઓ ત્યારે. પરંતુ યાદ રાખજો કે લતા એકવાર તુટી તે ફરી સધાતી નથી. તૃપ્ત થયા હો તો જાઓ, હું ના નથી કહેતી; પણ જો તૃપ્ત ન થયા હો તો તો યાદ રાખજો કે ચંચળ સુખલક્ષ્મી કોઇને માટે બેસી રૂહેતી નથી; તે કોઇની પણ સેવાદાસી નથી; તેની સેવા કરે છે સૌ નરનારી; જેટલા દિવસ પ્રસન્ન થઇને રૂહે તેટલા દિવસ પણ તે સૌને ભયમાં ને ભયમાં રાતદિવસ ઉભાં ને ઉભાં રાખે છે. સુખ-કલિકાને પડતી મૂકી જશો પણ કર્મક્ષેત્રમાંથી સન્ધ્યાકાળે પાછા વળતાં તેની પાંખડી વેરાઇ ગયેલી, ધૂળમાં ખરી પડેલી તમે જોશો; ત્યારે તમારાં સૌ કર્મ તમને

વ્યર્થ લાગશે, તમારા જીવનમાં સદાકાળ એક અતૃપ્તિ જાગતી રહેશે. આવો, નાથ, બેસો જરા. કેમ આજે આટલા વ્યગ્રચિત્ત છો ? કો'ના વિચાર મનમાં ઘોળાય છે ? ચિત્રાંગદાના ? આજ વળી તેનું આવું ધનભાગ્ય ?

અર્જુન—

વિચારૂં છુ કે એ વીરાંગનાએ શા અર્થે આવાં કઠોર વ્રત આદર્યાં છે ? તેને શી ન્યુનતા છે ?

ચિત્રાંગદા—

તેને શી ન્યૂનતા છે ! હતુંજ શુ તે અ-ભાગિની પાસે ? તેના વીર્યે તો ચોમેર અભ્રભેદી સુદુર્ગમ દુર્ગ રચી રાખી તેના રુદન કરતા હૃદયને ઘેરી રાખ્યું છે. રમણી તો સ્વભાવેજ અન્તર્વાસિની છે; પોતાના ભેદ હૃદયગુહામાં ભરી રાખે છે; આ હૃદયનુ પ્રતિબિબ દેહની શોભામાં પડતું ન હોય તો કોણુ સમજે તેનુ રહસ્ય ? તેને શી ન્યુનતા છે ! અંગણુ–લાવણ્ય-લેખા વિનાની ચિર–નિષ્પ્રભ ઉષાશી જે રમણી શૌર્યમેરુના શૃંગ ઉપર, શતપટ તિમિરથી ઢંકાયલી એકલી એકલવાયી બેસી રહે તેને શી ન્યુનતા ! રાખો, રાખો, હવે એની વાર્તા ! પુરુષના કર્ણને તે કદી મધુર લાગે તેવી નથી.

અર્જુન—

તોય બોલ. મારી શ્રવણ–લાલસા વધતી જાય છે. તેના હૃદયની મને મારા હૃદયમાં કંઇક ઝાંખી થાય છે. હું જાણે, મધ્યરાત્રિએ કોઇ અદ્‌ભુત સ્થાને જઇ ચઢેલા પ્રવાસી જેવો છુ: નદી, ગિરિ, વનભૂમિ નિદ્રસ્થ જણાતાં હોય, શુભ્ર અટારીઓ અને ઘુમ્મટોવાળી નગરી છાયા જેવી ઝાખી ઝાંખી દેખાતી હોય, દૂરથી સરી આવતું સાગરનુ ગર્જન માત્ર સભળાતું હોય; ‘અને જેમ તે પ્રવાસીને એમ થયાં કરે કે કયારે પ્રભાત ફુટે અને બધુ સૌન્દર્ય સ્પષ્ટ જોઉં, તેમ હું પણ, ઉત્સુક હૃદયે તેની પ્રતીક્ષા કરી રહ્યો છુ. બોલ, બોલ, સાંભળું તેની કથા.

ચિત્રાંગદા—

હવે વળી વધુ શુ સાંભળશો ?

અર્જુન—

હું તેને અશ્વારૂઢ થયેલી ગર્વથી વામ કરમા લગામ અને દક્ષિણ કરમાં ધનુષ્ ઝાલી, નગરની વિજયલક્ષ્મીશી પીડિત પ્રજાજનને અભયદાન દેતી, જોઉં છુ. રાજાનો મહિમા રકની ઝુપડીમાં પ્રવેશ કરતા ન્હાનમ માને છે, ત્યાં તે માતૃરૂપ

ધરી પોતાની દયા ફેલાવી રહી છે. સિંહણુશી તે, પોતાનાં વત્સગણનુ ચોમેરથી રક્ષણ કરી રહી છે, શત્રુની મગદૂર નહિ કે તેની પાસે ફરકે. મુક્ત-લજ્જ, ભયહીન, પ્રસન્નહાસિની તે, જગદ્ધાત્રી દયાશી, વીર્યસિંહ ઉપર સવાર થઇને ફરે છે. રમણીના સુન્દર બાહુને અડગ બળ જો આમ વશવર્તી હોય તો તે બળ આગળ ખણુખણુતાં કંકણુ કાંઇ વિસાતમાં નથી. વરાંગને, બહુ દિન થયાં કર્મશૂન્ય થયેલો મારો પ્રાણુ, શિશિરની દીર્ઘ નિદ્રામાથી જાગ્રત થયેલા ભુજગની માફક અશાન્ત થઇ ઉછળી રહ્યો છે. ચાલ, વ્હાલી, ચાલ, આપણે બન્ને મસ્ત અશ્વો ઉપર સવાર થઇ સાથે સાથે વિચરીયે, મહાવેગે, દીપ્ત જ્યોતિર્બિમ્બનાં જોડલાંશા. ચાલ, ચાલ, નાસી છુટીએ, આ રૂંધતા વાતાવરણુમાથી, આ સખ્ત પુષ્પગંધની મદિરાથી નિદ્રાઘનઘોર અરણ્યના ગાઢ અન્ધારમાથી.

ચિત્રાંગદા—

હે કૌન્તેય, આ લાલિત્ય, આ કોમળ ભીરુતા, સ્પર્શદુ ખથી સકોચાતા શિરીષ સરખું સુકુમાર આ રૂપ, છિન્ન કરી, પારકાં વસ્ત્રની માફક તિરસ્કારથી તજી દઇ, ધૂળમા રોળી દઉં

તો તે ક્ષતિ સ્હેવાશે તમથી ? કામિનીની કપટ-કળા અને માયામન્ત્ર દૂર કરી દઇ, કેવળ અડગ હૃદયબળથી સીધી ટટ્ટાર ઉભી રહું,—વાયુના હિલ્લોળે સ્હેજ લળી સુદર દીસતા પર્વતના તેજસ્વી તરુણ તરુ જેવી, પરંતુ નહિ કોઇ સદાય લૂલી લતિકા સમી,—તો શુ પુરુષની દૃષ્ટિને તેવી હુ ગમીશ ? જવાદો જવાદો, હવે, તેના કરતાં તો હું છુ તેવીજ ઠીક છુ. મારૂ બે દિવસનુ બહુમૂલુ ધન—આ યૌવન, અતિયત્ન-પૂર્વક શણગારી, હુ આપની પ્રતીક્ષા કરતી બેસી રહીશ; અવસરે જ્યારે આપનુ આવવું થાય, ત્યારે આ મારૂં દેહપાત્ર અમૃતથી છલ્લો-છલ્લ ભરી આપની આગળ ધરી આપને પાન કરાવીશ; પી પી ને થાકો ત્યારે સુખેથી આપ આપને કાર્યે પાછા સિધાવજો; હુ વૃદ્ધ થાઉ ત્યારે આપ મને આપની નિકટ જ્યાં સ્થાન આપશો ત્યા પડી રહીશ. રાત્રિની ક્રીડા–સહચરી દિવસની કાર્ય–સહચરી થાય, વામ બાહુસમ દક્ષિણ બાહુની સતત અનુચરી થઇ રહે, તો શુ તે આપના વીર હૃદયને રુચશે ?

અર્જુન—

હુ તારૂ રહસ્ય સમજી શકતો નથી. આટલા દિવસ થયાં છતાયે જાણે એ શોધ્યું જડતું નથી.

સદા ગુપ્ત રહી, જાણે તું મને છેતરે છે; જાણે કોઇ દેવીશી, પ્રતિમામાં અંતર્હિત રહી તું મને અમૂલ્ય ચુમ્બનરત્નનુ અને આલિંગનસુધાનું દાન કરી રહી છે; તું પોતાને માટે કાઇ ઇચ્છતી નથી, લેતી નથી. અંગહીન, શબ્દહીન પ્રેમ પ્રતિક્ષણે અંતરૂમાં પરિતાપ જગવે છે. તેજ- સ્વિનિ, તારો કાંઇક પરિચય મહીં મહીં તારી વાતોમાંથી મને મળે છે. તેના આગળ તારો આ સૌન્દર્યરાશિ મને કેવળ માટીની મૂર્તિ લાગે છે, કોઇ નિપુણ ચિત્રકારે ચિતરેલી જવનિકા લાગે છે. ' મહીં મહીંથી તારી ખિન્ન દૃષ્ટિના અગમ્ય ઉંડાણુમાં, પોતાના અર્થની વિડંબના કરતા તારા વિનોદમય શબ્દોમાં, તારા કામાલસ લાવણ્યનું અવગુંઠન તોડી, બહાર નીકળવાનો પ્રયત્ન કરી રહેલા કોઇ આત્માની ઝાંખી થાય છે. તારા ઉજ્જવલ હાસ્યમાં નર્યા અશ્રુ વાસ કરી રહ્યાં લાગે છે, મહીં મહીંથી તે છલકાઈ જાય છે, જાણે ઘડીમાં અવગુંઠન તુટીને ફાટી જશે. ભક્ત પાસે પ્રથમતો ભ્રાન્તિજ મનોહર માયારૂપ ધારણ કરી આવે છે; સત્ય તો, ત્યાર પછીજ, ભૂષણની ઉપાધિ રહિત પ્રકટ થાય છે—અંતરૂમા અને બહાર પ્રકાશ પાડતું. ક્યાં છે તે સત્ય તારામાં ? આપ મને તે સત્ય. મારામાં જે

સત્ય હોય તે તું લે. ખરૂં મિલન તો ત્યારેજ થશે—ચિરકાલીન, શ્રાન્તિહીન. પણ, પ્રિયે, આ આસુ શાને? કરવડે મુખ કેમ ઢાકે છે? આ વ્યાકુળતા શી? પ્રિયતમે, મે તને દુભવી? ચાલ્લ ત્યારે, જવાદે એ વાત. એ તારા મનોહર રૂપનેજ મારા પુણ્યનું ફળ સમજીશ. આ યૌવન–યમુનાની પેલે પારથી વસન્તસમીર સાથે સરી આવતું સંગીત જે મહીં મહીંથી સભળાય છે તેનેજ મારૂં ધનભાગ્ય માનીશ. આ મારી વેદના સુખથી અધિક સુખ, આશાથી અદકી આશા, હૃદય કરતાંએ મોટી હોઇ હૃદયમાં સમાતી નથી; તેથીજ તે હૃદયવ્યથા હોય એમ લાગે છે, પ્રિયે.

મદન, વસન્ત અને ચિત્રાંગદા.

મદન—

આજ છેલ્લી રાત છે.

વસન્ત—

આજની રાત પૂરી થયે તારી અંગ-શોભા વસન્તના અક્ષય ભંડારમાં પાછી જશે; પાર્થની ચુંબનસ્મૃતિથી મુક્ત થઇ, તારો અધરરાગ, લતિકા ઉપરના બે નવકિસલયમાં ફૂટશે; તારા અંગનો ગૌર વર્ણ, અનેક શ્વેત પુષ્પોમાં નવજીવન પામી, નવી જાગ્રતિની સાથે, સ્વપ્ન પ્રમાણે, ગતજન્મની કથા વિસરશે.

ચિત્રાંગદા—

હે અનંગ, હે વસન્ત, ત્યારે આજ રાત્રે લુપ્ત થનારૂં મારૂં આ રૂપ, પાછલી રાતની હોલાતી દીપશિખાના અંતિમ ઝબકારાની માફક, અતિ ઉજ્જ્વલ પ્રકાશથી ઝબકી ઉઠે એમ કરો.

મદન—

જા, તેમ થશે. મિત્ર, ત્યારે દક્ષિણુ પવન ખૂબ જોસથી ફુંકો. યૌવનનો મન્દ પડેલો સ્રોત, નવીન ઉલ્લાસે, અંગે અંગે પુનઃ ઉછળી રહો. આજ મારાં પંચ પુષ્પશરથી રાત્રિની નિદ્રા ભેદી, એકમેકના બાહુપાશમાં બંધાયલા તે બન્ને પ્રેમીઓના દેહ ભોગવતી તટિનીના ઉછળતા તરંગોમાં ઝબોળીશ.

શેષ રાત્રિ.

અર્જુન અને ચિત્રાંગદા.

ચિત્રાંગદા—

પ્રભુ, છીપી છે તૃષા ? આ સુલલિત, સુગઠિત, નવનીતસમા મૃદુ સૌન્દર્યમાં જે સુગંધ હતી, જે મધુ હતું તે સઘળાનું કરી લીધું પાન? હવે કાંઇ રહ્યું છે બાકી? છે કાંઇ અપેક્ષા હજી? ખાલી થઇ ગયું મારૂં સર્વસ્વ?—નહિ, નહિ, પ્રભુ ' સારૂં નરસુ કાંઇક તો બાકી રહ્યું છે. તેનો આજે ધરૂં છુ છેલ્લો ભોગ.

પ્રિયતમ, આપને ઠીક લાગ્યા એમ માની આ સૌન્દર્યપુષ્પો અનેક સાધના સાધી સ્વર્ગોદ્યાનમાંથી ચૂંટી લાવી આપના ચરણકમલે મેં ધર્યાં હતા. પૂજા જો પરિપૂર્ણ થઇ રહી હોય તો આજ્ઞા કરો, પ્રભુ, નિર્માળ મન્દિર બહાર ફેંકી દઉં. હવે કરો પ્રસન્નદષ્ટિ આપની સેવિકા ઉપર.

જે પુષ્પથી મેં આપની પૂજા કરી છે, તે પુષ્પ જેવી સુમધુર, સુકોમળ, સર્વાંગસુંદર તો હું કદાપિ નથીજ. મારામાં દોષ છે, ગુણ છે, પાપ છે, પુણ્ય છે; કંઈક દૈન્ય પણ છે; અને છે વળી આજન્મની કઈક અતૃપ્ત તૃષા. હું તો સસારપથે એક પ્રવાસિની છુ, મેલાં છે મારા વસ્ત્ર, ઉઝરડા પડયા છે મારા ચરણે, ક્યાંથી મળે મને કુસુમલાવણ્ય, એ ઘડીના જીવનની નિષ્કલક શોભા ! પરતુ મારી પાસે છે એક અક્ષય, અમર, રમણી-હૃદય. દુઃખ, સુખ, આશા, ભય, લજ્જા, દુર્બળતા-ધૂળવાળી ધરણીની કુખે પાકેલા આ સન્તાનમા કેટલો ભય, કેટલી વ્યથા, કેટલો પ્રેમ, સઘળાં એક સાથે ભેગા થયા છે. તેનામા એક સીમાહીન અપૂર્ણતા છે—અનન્ત અને ઉદાત્ત. કુસુમ સૌરભથી તૃપ્ત થયા હો તો હવે કરો કૃપાદૃષ્ટિ આ જન્મજન્માતરની સેવિકા ઉપર.

સૂર્યોદય.

(અવગુંઠનરહિત.)

હું રાજકુમારી ચિત્રાગદા છુ સાભરે છે

આપને, એક દિવસ તે સરોવરતીરે, શિવાલય-માં એક સ્ત્રી આપની સમક્ષ આવી હતી, તેની રૂપહીન કાયા ઉપર અનેક આભરણોનો ભાર ભરીને. તે લાજવિનાની કોણુ જાણે શુ શુ બકી ગઇ હતી, અને પુરુષોચિત રીતે પુરુષની આરાધના કરી હતી. આપે તેને તરછોડી હતી. એ ઠીકજ કરેલું. જો તે સામાન્ય નારીરૂપમા આપે તેનો સ્વીકાર કર્યો હોત તો તેનું હૃદય મરણ પર્યંત અનુતાપથી પ્રજળ્યા કરત. પ્રભુ, હું તે સ્ત્રી છુ. ખરી રીતે તો હું તે સ્રીયે નથી. તે તો હતો મારો અધમ કપટવેષ. ત્યાર પછી વસન્તના વર-દાનથી મને એક વર્ષ માટે અદ્ભુત સૌન્દર્ય પ્રાપ્ત થયુ. તેની છલનાના ભારે આપના વીર હૃદયને મેં થકવી નાખ્યુ. તે પણ હું નથી.

હું ચિત્રાગદા છુ. નથી હુ દેવી, કે નથી હુ કોઇ સામાન્યા. પૂજા કરી માથે ધરી રાખો તેવીયે હુ નથી, તેમ અવગણના કરી પછી માત્ર તેનુ ભરણપોષણ કર્યા કરો તેમાનીયે હું નથી. સકટના પથમા મને આપની પાસે રાખો, આપની ગૂઢ ચિંતામા મને ભાગ લેવા દો, આપના કઠિન વ્રતમા સહાય થવા મને અનુ-મતિ આપો, આપના સુખદુ:ખની મને સાથી

બનાવો, ત્યારેજ આપને મારો પરિચય થશે. આપના જે સંતાનને હુ ગર્ભમાં ધારણ કરી રહી છું તે જો પુત્ર અવતરશે તો બાળપણ-થીજ તેને વીરશિક્ષણ આપી તેને બીજો અર્જુન બનાવી, એક દિન તેના પિતાના ચરણે ધરીશ, ત્યારેજ મને ઓળખી શકશો, મારા પ્રિયતમ !

આજ તો આપના ચરણે અર્પુ છુ ચિત્રાં-ગદા, રાજેન્દ્રનન્દિની.

અર્જુન—

પ્રિયે, આજ હું ધન્ય થયો.

પરિશિષ્ટ અ.

પૃષ્ઠ ૧ પંક્તિ ૬: મૂળ બંગાળીનુ શબ્દેશબ્દ ભાષાન્તર આમ છે: ' વિશ્વનાં નરનારી હૈયાં વેદના બંધનમાં તાણી લાવું છુ.' મનસિજનાં બધનને 'વેદના બધન' ને બદલે "bonds of pain and bliss" "દુ:ખ અને સુખનાં બધન" કહી કવિએ હેતુપૂર્વક ફેરફાર કર્યો હોય એમ જણાય છે.

પૃષ્ઠ ૧૦ પંક્તિ ૨૦ મૂળ બગાળીમા આ પ્રમાણે છે: ' મેં તેમને પ્રથમ જોયા તેજ ક્ષણે જાણે મારા હૃદયમાં અનત વસત પ્રકટી. એવી પ્રબળ ઇચ્છા થઇ હતી કે તે યૌવન-લહરીથી સમસ્ત શરીર જોતજોતામા અપૂર્વ રોમાચથી ખીલી ઉઠે–લક્ષ્મીના ચરણ તળેના પદ્મની માફક. તે

વાસના પૂર્ણ કરો' ૪૦. આમા રહેલો ભાવ અગ્રેજીમા કવિએ એક અતિ સક્ષિપ્ત પણ સારગર્ભ વાક્યમાં દર્શાવી દીધો છે. મૂળના આ લાબા વાક્યથી ચિત્રાંગદાના વાક્પ્રવાહમા કઇક પ્રતિરોધ થતો લાગે છે, તે અંગ્રેજી વાક્યનુ જે ભાષાન્તર મૂક્યુ છે તેથી થતો અટકશે. અગ્રેજી વાક્યમા રહેલી ઉપમા બગાળીમાની ઉપમાથી જૂદી છે, પરતુ તેટલીજ મનોહર છે.

પૃષ્ઠ ૧૩ પંક્તિ ૨ : બગાળીમા આ પ્રમાણે છેઃ 'તેના કોમળ ચરણ તળે ધરાતલ કેવુ નિશ્ચલ થઇ ગયુ ?'

પૃષ્ઠ ૩૩ પક્તિ ૫ : બગાળીમા આ પ્રમાણે છેઃ 'સુખને પકડી બાધી રાખીએ તો ક્ષણેકમાં તો તે દુઃખ થઇ પડે છે.'

પૃષ્ઠ ૩૬ પક્તિ ૮ બગાળીમા આ પ્રમાણે છેઃ 'તેને તજી દઉ એવો હુ નરાધમ નથી.' અંગ્રેજીમાથી લીધેલુ વાક્ય વિશેષ સ્વાભાવિક લાગે છે.

પૃષ્ઠ ૫૦ પક્તિ ૧૦ . બગાળીમા આ પ્રમાણે છેઃ 'પ્રભાતના પ્રકાશમા ચારેદિશા જાણે

વિચિત્ર વિસ્મય ઉપજાવતી પ્રકટ
થાય ' આ વાક્યથી ઉપમિતિ અપૂર્ણ
રહે છે. અંગ્રેજી વાક્યથી ઉપમિતિ
પૂર્ણ થઇ સમીકરણ બધબેસ્તું આવશે,
અને કવિનુ વક્તવ્ય વિશેષ સ્ફુટ થશે.

પૃષ્ઠ ૫૩ પંક્તિ ૧૧ : બંગાળીમા આ પ્રમાણે છે:
'મહીં મહીંથી એમ થાય છે કે તારૂ
રૂપ તને ધારણ કરી શકતું નથી અને
તે ફડફડ કંપી ઉઠે છે.' અંગ્રેજી
વાક્યથી ભાવ સુસ્પષ્ટ થશે.

પરિશિષ્ટ બ.

અધરપ્રાન્ત–નીચલા હોઠનો છેડો.

અનવદ્ય–કોઇ પણ ખામી વિનાનો.

અન્તર્હિત–છુપાઇ રહેલી.

અભ્યર્થના કરવી–સત્કાર કરવા

અભ્રભેદી–વાદળને ભેદતા.

અમરકાક્ષિત–દેવતા જેની ઇચ્છા કરે છે તેવા.

અમોઘ–કદી નિષ્ફળ ન જાય તેવુ

અવગુઠન–આવરણ; ઢાંકણું.

અવનતાગી–લચેલાં અગવાળી.

અવસન્ન–ઢળી પડેલુ, ગમગીન.

આક્રમણ–હુમલો.

આજન્મવિધવા–જન્મી ત્યારથીજ વિધવા.

આર્ત–પીડિત.

આર્તત્રાણ-મહાવ્રત-પીડિતનાં દુઃખનિવારણ રૂપી મહાધર્મ.

ઉપધાન-ઉશીકું.

કર્મક્લાન્ત-કર્મથી કંટાળેલા.
કલ્યાણિ-સ્ત્રીઓ માટે એક વિનીત સંબોધન.
તેજ પ્રમાણે ભદ્રે, શુભે, સુલક્ષણે.
શુચિસ્મિતે, સુદર્શને, તન્વિ વગેરે
કલ્યાણી-સારા ભાગ્યવાળી.
કિરીટ-મુકુટ.
કુટિલ-વાંકાચુંકા.
કુત્સિત-તિરસ્કારને યોગ્ય.
કુસુમચિત્રિત-ફુલથી ચિતરાઇ ગયેલું.
ક્રન્દનધ્વનિ-મ્હોટેથી રડવાનો અવાજ.

ઘૃતાહુતિ-ઘીની આહુતિ.

ચરિતાર્થ-જેની ઇચ્છા સફળ થઇ છે તેવી
ચિરકાલીન-લાંબા કાળનું.
ચિત્રાર્પિત-ચિતરેલા
ચિરદાસ-ગુલામ
ચિરાર્જિત-ઘણા સમયની [illegible]
ચેતના-સ્મૃતિ

છલના–કપટ.

જગદ્ધાત્રી–જગતનુ પાલન પોષણ કરનારી.
જન્મશ્રાન્ત–ચોરાશીના ફેરાથી થાકેલા
જલાર્દ્ર–પાણીથી ભીંજાયલી.

તટિની–નદી.
તન્વી–કોમળ અગવાળી.
તુષાર–ધુમસ.
તૃણપુંજતટ–લીલા ઘાસની જડીથી ઢંકાયેલો
કિનારો.
તૃષ્ણાર્ત–તૃષ્ણાથી પીડાયલી

દીર્ઘકાય–મ્હોટા અગવાળા.
દુર્ગ–કિલ્લો.

નલિની–કમળ.
નવકિસલય–તાજી કુંપળો.
નવનીત–માખણ.
નિબિડ–ગાઢ
નિર્જ્યોત્સ્ન–ચાંદની વિનાનો.
નિર્માળ–દેવને ચ્હડાવેલા વાસી પત્રપુષ્પ.
નિર્વાક્–મૂગું.

નિષ્પ્રભ—તેજ વિનાની.

પથપંક—કાદવવાળો રસ્તો.
પરિસ્ફુટ—પ્રફુલ્લ.
પર્યાપ્ત—પૂર્ણ.
પુષ્પવૃન્ત—ફુલનુ નાળ.
પ્રલાપ—લવારો.

ભદ્રા—સારી, શુદ્ધ ચરિતવાળી.
ભસ્મસુપ્ત—રાખમાં ઢંકાયલો
ભોગવતી—પાતાળગંગા.

મનસિજ—કામદેવ.
મર્ત્ય—મર્ત્યલોક, મૃત્યુને પાત્ર જીવોનો લોક; આ લોક.
મહાર્ણવ—મહાસાગર.
મુખરિત—ગાજી રહેલુ.
મૃણાલ—કમળનાળ.
મેખલા—સ્ત્રીઓની કેડનો કંદોરો.
મેઘાચ્છન્ન—વાદળથી ઘેરાયલુ.
મોહિત-મધુર—સુગંધી અને મધુર.

રશ્મિરેખા—કિરણોની હાર.

રૂપહુતાશન–રૂપ રૂપી અગ્નિ.

લતાગુલ્મ–લતાનું ઝુમખું.

વનલક્ષ્મીગણુ–વનદેવીઓનુ ટોળુ.
વનસ્થલી–વનભૂમિ.
વાસરશય્યા–લગ્ન પછી પ્રથમ રાત્રિની શય્યા.
વિચ્યુત કરવુ–પદથી, સ્થાનથી ભ્રષ્ટ કરવુ.
વિડંબના–મશ્કરી.
વૈતરણી–નરકની નદી
વંચના કરવી–છેતરવું

શીકર–પાણીની ઝીણી ઝીણી ફરફર.
શુચિસ્મિતા–નિર્મળ સ્મિતવાળી.
શુભા–સારા ભાગ્યવાળી.
શ્રાન્તિહીન–જેમાં થાક જણાતો નથી એવુ.

સમીર–પવન.
સુદર્શના–જેનુ દર્શન સુંદર છે એવી; સુંદર
સ્વરૂપવાળી.
સુદુર્ગમ–જ્યાં પહોચવુ અતિ કઠણ છે તેવો.
સુદુર્લભા–ઘણીજ દુર્લભ.
સુલક્ષણા–સારાં લક્ષણવાળી

સ્રોત–પ્રવાહ.

સૌરભ–સુગધ.

સ્નિગ્ધ–સુવાળુ, ગાઢ.

સ્નિગ્ધસ્પર્શી–સુવાળા અથવા ગાઢ સ્પર્શવાળો.

હિમશીર્ણ–હિમથી બળી ગયેલી.